# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૨૯ ડિસેમ્બર ૨૦૨૩, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, માગસર વદ બીજ | અંક : ૧૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### જાપાનના કુરિલ ટાપુઓમાં ૬.૩ની તીવ્રતાના ભૂકંપ

। ટોકિયો, તા.૨૮ ।

જાપાનમાં કુરિલ ટાપુઓમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર ભૂકંપની તીવ્રતા ૬.૩ની માપવામાં આવી હતી. ભૂકંપને કારણે લોકો પોતાના ઘરની બહાર દોડી ગયા હતા. હાલ જાનમાલ કે નુકસાનના થયાના કોઈ અહેવાલ નથી. જાપાનમાં કુરિલ ટાપુઓમાં ૬.૩ની તીવ્રતાના ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને ઘરની બહાર દોડી ગયા હતા. આ ભૂકંપના કારણે જાનમાલ કે નુકસાનના કોઈ સમાચાર નથી, પરંતુ લોકો ગભરાયેલા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર છેલ્લા ૩ દિવસમાં ત્રીજી વખત આજે ભૂકંપથી ધરા ધ્રુજી છે. બે દિવસ પહેલા પણ બપોરે ૧૨ વાગ્યે જાપાનના ઈઝુ ટાપુઓમાં ભૂકંપ આવ્યો હતો, જ્યારે ગઈકાલે જાપાનના હોક્કાઈડો ક્ષેત્રમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આજે ત્રીજા દિવસે કુરિલ ટાપુઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જાપાનની જિયોફિઝિક્સ એજન્સીના જણાવ્યા અનુસાર ૨૬ ડિસેમ્બરે જાપાનમાં આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૯ હતી.

### કતારના શાસક સાથેની મોદીની મુલાકાતે બાજી પલટી

# કતારમાં પૂર્વ ભારતીય ખલાસીઓની ફાંસીની સજા ઉપર રોક લગાવાઈ

## કતાર કોર્ટે ૮ ભૂતપૂર્વ ભારતીય મરીનને એક અજાણ્યા કેસમાં મૃત્યુદંડની સજા ફટકારી, કતારની અદાલતે જાસૂસી કેસમાં સજા આપી હોવાનો દાવો

। દોહા, તા.૨૮ ।

કતારમાં પૂર્વ ભારતીય ખલાસીઓની ફાંસીની સજા પર રોક લગાવવામાં આવી છે. આને ભારતીય કૂટનીતિની મોટી જીત તરીકે જોવામાં આવી રહી છે. કતાર કોર્ટે ૮ ભૂતપૂર્વ ભારતીય મરીનને એક અજાણ્યા કેસમાં મૃત્યુદંડની સજા ફટકારી છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ ભૂતપૂર્વ ભારતીય મરીનને કતારની અદાલતે જાસૂસી કેસમાં આ સજા આપી હતી. પરંતુ, કતાર કે ભારતે આ બાબતનો ખુલાસો કર્યો નથી. જો કે, ભારતે કતાર કોર્ટ દ્વારા આપવામાં આવેલી મૃત્યુદંડની સજા સામે વાંધો ઉઠાવ્યો હતો અને ભૂતપૂર્વ ભારતીય મરીનને શક્ય તમામ મદદ કરવાની પણ જાહેરાત કરી હતી. દરમિયાન, ડિસેમ્બરની શરૂઆતમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કતારના શાસક શેખ તમીમ બિન હમદ અલ થાની સાથે મુલાકાત કરી હતી. ભારતે કહ્યું કે અમે દહરા ગ્લોબલ કેસમાં કતારની અપીલ કોર્ટના આજના નિર્ણયની નોંધ લીધી છે, જેમાં સજામાં ઘટાડો કરવામાં આવ્યો છે. વિગતવાર નિર્ણયની રાહ જોવાઈ રહી છે. અમે આગળના પગલાઓ પર નિર્ણય લેવા માટે કાનૂની ટીમ તેમજ પરિવારના સભ્યો સાથે ગાઢ સંપર્કમાં છીએ. કતારમાં અમારા રાજદૂત અને અન્ય અધિકારીઓ પરિવારના સભ્યો સાથે આજે અપીલ કોર્ટમાં હાજર હતા.

### નૌકાદળના અધિકારીઓ વિરુદ્ધ દાખલ કરાયેલા કેસ અંગે કોઈ માહિતી આપી નથી

ભારતીય નૌકાદળના આ ૮ પૂર્વ અધિકારીઓ ગત વર્ષ ઓગસ્ટથી કતારની જેલમાં બંધ છે. કતારે નૌકાદળના અધિકારીઓ વિરુદ્ધ દાખલ કરાયેલા કેસ અંગે હજુ સુધી કોઈ માહિતી આપી નથી. જોકે કેસના જાણકારોનું કહેવું છે કે, આ તમામ અધિકારીઓ પર જાસૂસી કરવાનો આરોપ લગાવાયો છે. પીએમ મોદી અને શેખ તમીમ બિન હમાદ અલ થાનીની મુલાકાત બાદ તરત જ કતારએ પૂર્વ મરીનને મળવા માટે બીજી વખત ભારતને કોન્સ્યુલર એક્સેસ આપ્યો હતો. ત્યારબાદ કતાર હવે આ મામલે નરમ વલણ દાખવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. મીટિંગ પછી, ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે, "...અમારા રાજદૂતને 3 ડિસેમ્બરે જેલમાં બંધ તમામ આઠને મળવા માટે કોન્સ્યુલર એક્સેસ મળ્યો. અત્યાર સુધીમાં બે સુનાવણી થઈ ચૂકી છે (આ ૨3 અને 30 નવેમ્બરના રોજ હતી) અમે તેને અનુસરી રહ્યા છીએ. કેસ નજીકથી અને તમામ કાનૂની અને કોન્સ્યુલર સહાય પૂરી પાડે છે. આ એક સંવેદનશીલ બાબત છે, પરંતુ અમે તેને અનુસરવાનું ચાલુ રાખીશું અને અમે જે પણ કરી શકીએ તે શેર કરીશું" કતારની એક કોર્ટે ઓક્ટોબરમાં આઠ નિવૃત્ત નૌસેના અધિકારીઓ અને એક નાવિકને મૃત્યુદંડની સજા ફટકારી હતી. આ માણસો કતારના સશસ્ત્ર દળો અને સુરક્ષા એજન્સીઓને તાલીમ અને અન્ય સેવાઓ પૂરી પાડતી ખાનગી કંપની અલ દહરા ગ્લોબલ ટેક્નોલોજીના કર્મચારીઓ હતા. ગયા વર્ષે ઓગસ્ટથી અજ્ઞાત આરોપમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે તેના પર જાસૂસીનો આરોપ મૂકવામાં આવ્યો છે, પરંતુ તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દુબઈમાં સીઓપી૨૮ સમિટ દરમિયાન કતારના શાસક શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને નેતાઓએ લાંબા સમય સુધી વાતચીત પણ કરી. બેઠકના એક દિવસ પછી, ૨ ડિસેમ્બરે પીએમ મોદીએ ટ્વિટ કર્યું હતું કે, "ગઈકાલે, દુબઈમાં સીઓપી૨૮ સમિટની બાજુમાં, મને કતારના અમીર, મહામહિમ શેખ તમીમ બિન હમદાદ અલ થાનીને મળવાની તક મળી.

### લોકસભા ચૂંટણીના કારણે વહેલું શરુ થશે

# પહેલી ફેબ્રુઆરીથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

### વાયબ્રન્ટ સમિટ-૨૪ના આયોજનને લઇ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું



। ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રને લઈ મોટા સમાચાર આવ્યા છે. લોકસભા ચૂંટણીના કારણે બજેટ સત્ર વહેલા શરૂ કરાશે. ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર પહેલી ફેબ્રુઆરીથી શરુ થશે અને સાત માર્ચ સુધી ચાલશે. લોકસભા ચૂંટણીના કારણે બજેટ સત્ર વહેલું શરુ થશે. વોટ ઓન એકાઉન્ટના બદલે પૂર્ણ કક્ષાનું બજેટ રજૂ કરાશે. આ સાથે ગત વર્ષની તુલનામાં ગુજરાતના બજેટના કદમાં ૨૦ થી ૨૫ ટકા વધારાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાતનું અંદાજપત્ર ૩ લાખ કરોડ હતું. વાયબ્રન્ટ સમિટ ૨૦૨૪ના આયોજનને લઇ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વાયબ્રન્ટ સમિટના આયોજનને લઈ રોડ રસ્તા બંધ રહેવા મુદ્દે ગાંધીનગર કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. ગાંધીનગરનો જ રોડ અને ખ શૂન્યથી ખ-ફાઈવ સુધીનો રોડ જાહેર જનતા માટે બંધ રહેશે. વાવોલ ગામથી ગાંધીનગરમાં પ્રવેશતા રસ્તાઓ ૯થી ૧૩ જાન્યુઆરી સવારના છથી રાતના ૧૧ વાગ્યા સુધી બંધ રહેશે. ગ રોડ અને જ રોડ સામાન્ય ટ્રાફિક વ્યવહાર માટે બંધ રાખવાનો પણ મહત્વનો નિર્ણય લીધો છે. જાહેરનામા અનુસાર, ૯ થી ૧૩ જાન્યુઆરી સુધી આ રસ્તાઓ બંધ રહેશે જેને લઈ જાણકારી આપવામાં આવી છે.




# સુરતના શરણમ્ જ્વેલર્સ પર ઈડીનું સર્ચ ઓપરેશન

। સુરત, તા.૨૮ ।

સુરતના SEZમાં આવેલા શરણમ્ જ્વેલર્સે વિરુદ્ધ ઈડીએ તપાસ કરી હતી. ઈડીની તપાસમાં ખુલાસો થયો હતો કે જ્વેલરીની કંપનીએ શેલ કંપનીઓ બનાવી હવાલાથી બે હજાર ૨૮૪ કરોડ વિદેશ મોકલ્યા છે. એક્સપોર્ટ-ઈમ્પોર્ટના નામે મોટું હવાલા કૌભાંડ ચાલતુ હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. જ્વેલર્સના પ્રમોટર્સની અમદાવાદ, સુરત, અસમ અને UAEમાં આવેલી ઓફિસોમાં EDએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ઈડીએ તપાસ દરમિયાન ૧.૧૪ કરોડ રૂપિયાના બેલેન્સ સાથે સંકળાયેલી સંસ્થાઓના બેંક ખાતાઓ ફ્રીઝ કર્યા છે. શેલ કંપનીઓ મારફતે આશરે ૫ હજાર કરોડથી વધુની એન્ટ્રીઓ મળી આવતા ઈડીએ એફએએસએલ સહિતની મદદ મેળવીને તપાસ ચાલુ કરી છે. SEZ માં શરણમ જ્વેલર્સ અને તેની સાથે જોડાયેલા એકમો પર તપાસ કરાઈ હતી. જેમાં શંકાસ્પદ આઉટવર્ડ રેમિટન્સ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. કંપનીએ છેલ્લા બે વર્ષમાં ૩૭૦૦ કરોડના વ્યવહારો કર્યા હતા. ઈડીને શંકા છે કે આ કંપનીએ એક્સપોર્ટ-ઈમ્પોર્ટના નામે વિદેશમાં શંકાસ્પદ રીતે ૨૨૮૪ કરોડ રૂપિયા મોકલી આપ્યા છે. અગાઉ પણ સુરત સેઝમાંથી આવી જ રીતે એક્સપોર્ટ ઈમ્પોર્ટના નામે હવાલાકાંડ ઝડપાયું હતું. ઈડીએ ૧૯૯૯ ના ફેરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટની જોગવાઈઓ હેઠળ શરણમ જ્વેલર્સ LLP, તેના પ્રમોટર અવધ હર્ષદ યાજ્ઞિક અને તેના સહયોગીઓ, વંશ માર્કેટિંગ આશિક પટેલના અમદાવાદ, સુરત અને UAEમાં આવેલી ઓફિસોમાં સર્ચ કર્યુ હતુ. EDએ જણાવ્યું હતું કે તેને માહિતી મળી હતી કે આ કંપનીઓ મોટા પાયે ભારતની બહાર વિદેશી હૂંડિયામણ મોકલવામાં સામેલ છે. સર્ચ દરમિયાન જાણવા મળ્યું છે કે શરણમ જ્વેલ્સ LLP સુરતના SEZ ખાતે એક યુનિટ ચલાવે છે.



સાબરમતી રિવરફ્રંટમાં કાઈટ ફેસ્ટીવલ માટેની તૈયારીઓ ચાલી રહેલ છે.

## રાજકોટમાં રોગચાળો વકર્યો

# રાજકોટમાં ઠંડીનાં વાતાવરણમાં રોગચાળામાં સતત વધારો થયો



। રાજકોટ, તા.૨૮ ।

રાજકોટ છેલ્લા કેટલાય સમયથી રોગચાળાના ભરડામાં સપડાયું છે. શહેરમાં વધતો રોગચાળો અટકવાનું નામ નથી લઈ રહ્યો. શિયાળામાં સતત તાવ, શરદી-ઉધરસના કેસોમાં વધારો થઈ રહ્યો છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી છે. તેવામાં બીજી તરફ સિવિલ હોસ્પિટલની બેદરકારી સામે આવી છે. રાજકોટમાં ઠંડીનાં વાતાવરણમાં રોગચાળામાં સતત વધારો થઈ રહ્યો છે. સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી દવાખાનાઓ અને હોસ્પિટલોમાં દર્દીઓની લાંબી કતારો લાગી છે. શરદી,ઉધરસ, તાવ અને વાઈરલ ઈન્ફેકશનના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ સિવિલ હોસ્પિટલ તંત્રની લાલિયાવાડી સામે આવી છે. જેમાં દવાબારીઓ પર દર્દીઓની લાંબી કતારો છે અને સિનિયર સિટીઝન અને વિકલાંગની દવા બારી પર દવા આપવા કોઈ હાજર નથી અને દર્દીઓને કેટલીક દવાઓ બહારથી લખી દેવામાં આવે છે જેને લઈને ગરીબ દર્દીઓને હાલાકી થઈ છે.ગત સપ્તાહમાં ઈસ્ઝનાં આરોગ્ય કેન્દ્રોમાં શરદી,ઉધરસ,વાઈરલ ઈન્ફેક્શન અને તાવના છેલ્લા પાંચ મહિનાનાં સૌથી વધુ ૧૬૫૦ જેટલા કેસ નોંધાયા છે.જ્યારે એ પહેલાના અઠવાડિયે ૧૩૭૪ જેટલા કેસ નોંધાયા હતા.અન્ય કેસોની વાત કરવામાં આવે તો એક સપ્તાહમાં ઝાડા ઉલ્ટીના ૨૬૮ કેસ,ડેન્ગ્યુ મેલેરિયાનો ૧-૧ અને ચિકનગુનિયાના ૩ કેસ નોંધાયા છે.એટલે કે એક અઠવાડિયામાં રોગચાળામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. આ આંકડા હજુ માત્ર ઈસ્ઝ ના આરોગ્ય કેન્દ્રના છે.જો સિવિલ હોસ્પિટલ અને ખાનગી દવાખાનાઓમાં આવતા કેસનો આંકડો સામે આવે તો આ કેસોની સંખ્યા અનેકગણી વધારે છે. ઝાડા-ઉલટી સહિતનાં અન્ય રોગનાં દર્દીઓમાં મોટો વધારો નોંધાતા આરોગ્ય વિભાગ દ્વારા ફોગીંગ સહિતની કામગીરી વધુ ઝડપી બનાવવામાં આવી છે.

# છેતરાતાં નહીં! બજારમાં આડેધડ વેચાઇ રહી છે નકલી ખજૂર

## અસલી ખજૂરની મીઠાશ ખૂબ જ નેચરલ હોય છે, તે બહારથી ઓછી અને અંદરથી વધુ મીઠી હોય છે

। અમદાવાદ, તા.૨૮ ।

ખજૂર ખાવાથી સ્વાસ્થ્યને અનેક રીતે લાભ મળે છે. દરરોજ તેનું સેવન કરવાથી કબજિયાતથી લઈને કોલેસ્ટ્રોલ સુધીની સમસ્યાઓમાં રાહત મળે છે. આટલું જ નહીં, તે સુગર ક્રેવિંગ માટે પણ એક હેલ્ધી ઓપ્શન છે. આવી સ્થિતિમાં હેલ્થ એક્સપર્ટ તેને ખાવાની સલાહ આપે છે. પરંતુ ધ્યાનમાં રાખો કે જો તમે નકલી ખજૂર ખાઈ રહ્યા છો, તો તમને તેનાથી કોઈ ફાયદો નહીં થાય. જી હા, નકલી ખજૂર માર્કેટમાં ખુલ્લેઆમ અસલી ખજૂરના ભાવે વેચાઈ રહી છે અને કદાચ તમે પણ તેનું સેવન કરી રહ્યા છો. તેથી, આજે અમે તમને કેટલીક ટ્રિક્સ જણાવી રહ્યા છીએ જેના દ્વારા તમે અસલી અને નકલી ખજૂરને સરળતાથી ઓળખી શકો છો. ઘણા લોકો જંગલી કાચી ખજૂર તોડીને ગોળના પાણીમાં



ઉકાળીને નકલી ખજૂર તૈયાર કરે છે. આમ કરવાથી તે અસલી ખજૂરની જેમ સોફ્ટ બની જાય છે. પછી તેને સારી રીતે સૂકવીને માર્કેટમાં વેચવામાં આવે છે. અસલી ખજૂર ખારેક કરતાં વધુ જાડી અને વધુ ગર વાળી હોય છે. આવી સ્થિતિમાં, ખજૂર ખરીદતા પહેલા, તેનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરો. જો તમને ખજૂર થોડી પણ સૂકી લાગે છે, તો પછી તેને ન ખરીદવી વધુ સારું છે.

અસલી ખજૂરની મીઠાશ ખૂબ જ નેચરલ હોય છે. તે બહારથી ઓછી અને અંદરથી વધુ મીઠી હોય છે. ધ્યાનમાં રાખો કે અસલી ખજૂર એટલી મીઠી નથી હોતી કે તેની આસપાસ કીડીઓ ફરવા લાગે. આવી સ્થિતિમાં, જો ખજૂર બહારથી મીઠી લાગે અથવા તમે તેના પર કીડીઓ ફરતી જુઓ તો સમજો કે તે નકલી છે. જો તમે ખજૂર અસલી છે કે નકલી તે જાણવા માંગતા હોવ તો તેને થોડી વાર પાણીમાં પલાળી રાખો. જો ખજૂરમાંથી રંગ નીકળવા લાગે તો સમજવું કે ખજૂર નકલી છે.

## રાજ્યમાં પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું

# થર્ટી ફર્સ્ટ પહેલા ખેડામાંથી ૧૨૦૦ પેટી દારૂ પકડાયો

। ખેડા, તા.૨૮ ।

આગામી ૩૧ ફર્સ્ટ ડિસેમ્બર પહેલા રાજ્યમાં પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયુ છે, પોલીસ ઠેર ઠેર દરોડા પાડીને દારૂની હેરાફેરીને પકડી રહી છે, તાજેતરમાં જ સાબરકાંઠા, સુરત, રાજકોટ અને મહેસાણામાંથી મોટી પ્રમાણમાં દારૂ પકડ્યો હતો, હવે આ કડીમાં ખેડાના ઠાસરામાં પણ એલસીબી પોલીસે એક્શન લેતા ૧૨૦૦ પેટી દારૂ પકડ્યો છે.

જોકે, આ એક્શન બાદ ઠાસરા પીઆઈની બદલી પણ કરી દેવામાં આવી હતી, જ્યારે એલસીબીએ દરોડા કરીને દારુ પકડ્યો ત્યારે ઠાસરા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી.મળતી માહિતી પ્રમાણે, ખેડાના ઠાસરામાં LCB પોલીસે બાતમીના આધારે મોટી રેડ કરી છે. આ દરોડામાં LCB પોલીસને ૧૨૦૦ પેટી દારૂ પકડવામાં સફળતા મળી છે, જ્યારે LCBએ ખેડાના ઠાસરામાં દરોડા પાડીને દારૂ પકડ્યો ત્યારે ઠાસરા પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી. તો વળી, એલસીબી પોતાનુ ઓપરેશન સફળ કરીને બહાર નીકળી ગઈ હતી. ખેડાના ઠાસરાના ૩૧ ફર્સ્ટ ડિસેમ્બર પહેલા મોટી માત્રામાં દારૂ પકડાયો છે. LCB પોલીસે ઠાસરાની કોતરોમાં ચાલી રહેલા દારૂના કટિંગ પર અચાનકા દરોડાની કાર્યવાહી કરી જેમાં ૧૨૦૦ પેટીથી વધુ માત્રામાં દારૂનો જથ્થો પકડી પાડ્યો હતો. આ સમગ્ર ઘટનામાં ઠાસરા પોલીસે બેદરકારી દાખવી હતી. જોકે, બાદમાં જિલ્લા પોલીસ વડા દ્વારા PSI એન. એમ બારોટની બદલી કરી દેવામાં આવી હતી. ઠાસરા PSI એન.એમ. બારોટ સહિતની પોલીસ ટીમ સૂતી રહી LCBએ આ મોટા જથ્થામાં દારૂ પકડ્યો હતો. હાલમાં ઠાસરા PSIની મિસિંગ સેલમાં બદલી કરાઈ છે, તો વળી, મિસિંગ સેલના PSI આર.કે. સોલંકીની ઠાસરા PSI તરીકે બદલી કરાઈ છે.

## ૩૧ ડિસેમ્બર પહેલા વલસાડ પોલીસ એલર્ટ મોડ પર

# વલસાડ પોલીસે મધરાતે વાહનોનું ચેકિંગ હાથ ધર્યું

। વલસાડ, તા.૨૮ ।

૩૧ ડિસેમ્બરની ઉજવણીને લઈ વલસાડ જિલ્લામાં પોલીસ એલર્ટ મોડ પર છે. દારૂની છૂટ ધરાવતા સંઘપ્રદેશ દમણ, દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રની બોર્ડર પર પોલીસ પહેરો અત્યારથી જ ગોઠવી દેવામાં આવ્યો છે. જ્યાં રાત દિવસ ૨૪ કલાક પોલીસ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. મહત્વપૂર્ણ છે કે, રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ, દાદર નગર હવેલી અને મહારાષ્ટ્રમાં દારૂની છૂટ છે. આથી થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે મોટી સંખ્યામાં શોખીનો દારૂની છૂટ ધરાવતા પ્રદેશોમાં જઈ અને ખાવાપીવાની પાર્ટી માણી અને નશાની હાલતમાં ગુજરાતમાં પ્રવેશ કરે છે. જેના કારણે અનેક વખત અકસ્માતો સર્જાય છે. સાથે જ આ દિવસો દરમિયાન દારૂના ધંધામાં મોટી કમાણી હોવાથી બુટલેગરો પણ અવનવા તરકીબ અજમાવી અને ગુજરાતમાં દારૂ ઘુસાડવાના પ્રયાસ કરે છે. જેથી ૩૧મી ડીસેમ્બર દરમ્યાન રાજ્યમાં દારૂની રેલમછેલ રોકવા વલસાડ જિલ્લાની હદ પર પોલીસ એલર્ટ પર મોડ પર જોવા મળે છે. જિલ્લામાં દારૂની છૂટ ધરાવતા બંને પ્રદેશો અને મહારાષ્ટ્રમાં પ્રવેશતા માર્ગો પર કુલ ૧૮ કાયમી ચેકપોસ્ટો છે. જ્યાં આખું વર્ષ પોલીસ ટીમો તૈનાત રહે છે. જોકે થર્ટી ફર્સ્ટને કારણે પોલીસ વધુ કડક કાર્યવાહી કરે છે




અને અંતરીયાલ વિસ્તારોમાં પણ નાના અને મોટા તમામ રસ્તાઓ પર પોલીસનું આવી જ રીતે ચેકપોસ્ટો પર ચેકિંગ કરવામાં આવે છે. આ વખતે ૩૧ ડિસેમ્બરને કારણે ૨૦ જેટલી હંગામી ચેકપોસ્ટો ઊભી કરવામાં આવી છે. આમ થર્ટી ફર્સ્ટ નિમિત્તે વલસાડ જિલ્લાના કાયમી અને હંગામી મળી કુલ ૩૮ ચેકપોસ્ટો પર ૨૪ કલાક પોલીસ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. અડધી રાત્રે પણ પોલીસ દ્વારા ગુજરાતમાં પ્રવેશતા તમામ વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. રાત્રે ૧૨:૦૦ વાગ્યે પણ ડાભેલ ચેકપોસ્ટ પર ગુજરાત પોલીસના જવાનો સતર્ક હતા. ગુજરાતમાં મોડી રાત્રે પણ પ્રવેશતા તમામ વાહનોને ચેક કર્યા બાદ વાહનો રાજ્યમાં પ્રવેશ કરે છે. જે લોકો દારૂના નશામાં ગુજરાતમાં પ્રવેશે છે તેમને સબક શિખવવામાં આવે છે.

## અન્ય ૫૦ ટૂંક સમયમાં ગુજરાત પરત ફરશે

# ફ્રાંસ કબૂતરબાજી પ્રકરણ : CID ક્રાઈમે ૮ લોકોના નિવેદન લીધા

। અમદાવાદ, તા.૨૮ ।

ફ્રાંસ કબૂતરબાજી પ્રકરણમાં સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. આ સમગ્ર મામલે ૈંઘ્ ક્રાઈમે ૮ લોકોના નિવેદન લીધા છે. જ્યારે અન્ય પ્રવાસીઓના નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. બીજી બાજુ, અન્ય ૫૦ ગુજરાતીઓ ટૂંક સમયમાં વિદેશથી ગુજરાત આવશે. આ સાથે જ કબૂતરબાજીના એજન્ટો સુધી પહોંચવાના પ્રયાસ કરાઈ રહ્યા છે. ૪૦ લાખથી ૧.૨૫ કરોડમાં અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરીની ડીલ થઈ હતી. માહિતી અનુસાર, આ સમગ્ર ડીલ ૪૦ લાખથી લઈને સવા કરોડ સુધીની નક્કી થઈ હતી. દરેક મુસાફરો અમેરિકા પહોંચી જાય તે બાદ નક્કી કરવામાં આવેલા રેટ આપવાના હતા. સાથો સાથ અન્ય જે ૫૦ ગુજરાતી છે જે આવી રીતે વિદેશ ગયા હતા. તે લોકો ટૂંક સમયમાં ભારત આવે તે પ્રકારની માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે. હાલ ફ્રાન્સથી જે લોકો ગુજરાત આવી ચૂક્યાં છે, તેમાંથી ૮ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા બીજા લોકોના નિવેદન લેવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, એજન્ટોના નામ પણ સીઆઈડી ક્રાઈમ પાસે આવી ગયા છે. પરંતુ પૂરાવા એકત્રિત કરવાની કામગીરી ચાલી રહી છે. ટૂંક સમયમાં ફરિયાદ દાખલ કરીને મોટી કાર્યવાહી સીઆઈડી ક્રાઈમ કરશે તે પ્રકારના સમાચાર પણ સામે આવી રહ્યા છે. માહિતી અનુસાર, અન્ય ૫૦ લોકો પરત આવી શકે છે. તે લોકો ટૂરિસ્ટ વિઝા પર ગયા હતા. તે લોકોના નિદેવન લેવાની કામગીરી પણ સીઆઈડી ક્રાઈમ દ્વારા કરવામાં આવશે.

## વિશેષ

### વૃક્ષોના વૃદ્ધિ-વિકાસ ઉછેર માટેની ઉત્તમ પદ્ધતિ મિયાવાકી વન કવચની

# ગુજરાતમાં સૌ પ્રથમ પહેલ પ્રધાનમંત્રી દ્વારા નર્મદા જિલ્લાને એકતાનગરમાં ભેટ મળી, સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધી ૮૫ વન કવચ નિર્માણ પામ્યા છે : વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

ગુજરાત સરકારના વન અને પર્યાવરણ, ક્લાઈમેટચેન્જ, જળ સંપત્તિ અને પાણીપુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજપીપલાની રેન્જર્સ કોલેજ કેમ્પસ ખાતે સહભાગી વન વ્યવસ્થા જનસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. વન સંકુલમાં નવ નિર્મિત મુખ્ય પ્રવેશ દ્વાર સહિત રૂપિયા બે કરોડના ખર્ચે તૈયાર થયેલા વન વિશ્રામગૃહ અને વન કવચનું મંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું સાથે સંકુલના વિવિધ સર્કલ અને આર્બોરેટમના નવિનીકરણ અને નામકરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, નર્મદા જિલ્લાના આદિવાસી લોકોએ પ્રકૃતિની સાથે ભળીને ખૂબ મોટું પરિવર્તન આણ્યું છે. ખાસ કરીને વન વિસ્તારમાં વિહાર કરતા પક્ષીઓ પણ ફળોને ખોરાકમાં ઉપયોગ કરી ચરક દ્વારા વૃક્ષો ઉગાડવાની ચિંતા કરતા હોય છે ત્યારે આપણે સમજદાર માનવી છીએ એટલે આપણે સૌએ પણ વૃક્ષો ઉછેરવાની ચિંતા કરવાની છે. કારણ કે આપણા વડવાઓએ જે વન વિસ્તારોનું લગન અને મહેનતથી જતન કર્યું હતું, વર્ષો પહેલાં અંગ્રેજોના સમયમાં વન બચાવવામાં મહિલાઓનો પણ સિંહફાળો રહેલો છે. તેના કારણે જ આજે આપણને વારસામાં આવા લીલાછમ વન વિસ્તારો મળ્યાં છે તેની યોગ્ય જાળવણી અને સંરક્ષણ કરવાની દિશામાં કાર્ય કરવા જિલ્લાના નાગરિકોને અપીલ કરી હતી. વધુમાં મંત્રીશ્રી પટેલે જણાવ્યું કે, વિશ્વ ફલક ઉપર નર્મદા જિલ્લાનું નામ જેનાથી અંકિત થયું છે એવી સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા માટે દેશ-વિદેશમાં પ્રવાસીઓ જિલ્લાના આંગણે આવે છે. ત્યારે તેની આસ-પાસના વન્ય વિસ્તારનું જતન થાય તે પણ એટલું જ જરૂરી છે.

આપણા દેશના દિઘર્દ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વન વિસ્તારોની ચિંતા કરી જાપાની પદ્ધતિ મિયાવાકી ફોરેસ્ટ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું અને તેની ગુજરાતમાં પ્રથમ ભેટ પણ નર્મદા જિલ્લાને એકતાનગરના આંગણે મળી છે. ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં અત્યારસુધીમાં આવા ૮૫ વન કવચ વન વિભાગ દ્વારા નિર્માણ પામ્યા છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, નર્મદા જિલ્લામાં એક સમયે ઘટાદાર વૃક્ષોથી આચ્છાદિત વન વિસ્તાર હતો. જેના કારણે આ જિલ્લાના વન વિસ્તારમાંથી મળી આવતા ડુમખલના પોપટ જે ખૂબ જ દુનિયામાં ખ્યાતી ધરાવે છે. તેનું ગૌરવ લઈ જાળવી રાખવા અપીલ કરી હતી. વન વિસ્તારોને વધુ આચ્છાદિત બનાવવા માટે સૌ નાગરિકો દીકરી જન્મના વધામણા સમયે અથવા પરિવારમાં કોઈની પૂણ્ય તિથિ હોય તેવા સમયે જ્યાં જગ્યા દેખાય ત્યાં ખેતરના શેઢા-પાળા પર વૃક્ષારોપણ કરી તે દિવસને



ઉજવી ભાવિ પેઢીને વૃક્ષોની ભેટ આપવા સાથે પર્યાવરણ અને પ્રકૃતિનું જતન કરવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી.

મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે કહ્યું કે, નર્મદા જિલ્લા સહિત રાજ્ય અને દેશના ખેડૂતોને પોતાના ખેતરમાં ઉગાડેલા વાંસ કાપવાની પરવાનગી લેવા માટે ખૂબ લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડતું હતું. જેથી વડાપ્રધાનશ્રી નરેદ્રભાઈ મોદીએ વાંસને વૃક્ષની કેટેગરીમાંથી બહાર લાવી ઘાંસની કેટેગરીમાં મૂકતા હવે ખેડૂતો પોતાના ખેતરમાં ઉગાડેવા વાંસ સરળતાથી કપાવી તેનું વેચાણ કરી આર્થિક સમૃદ્ધી કેળવી રહ્યા છે જેના અનેક દાખલાઓ આપણે રાજ્યમાં જોયા છે. વૃક્ષોનું જતન કરીશું તો વન વિસ્તારમાં વસવાટ કરતા લોકોની રોજગારી પણ વધશે જેથી જંગલોનો નાશ થતો અટકાવવા અને ઘર-ગામ અને વન્ય વિસ્તારોમાં વધુમાં વધુ વૃક્ષારોપણ કરી તેનું જતન કરવા જમીનનું ધોવાણ અટકાવવા, ભેજ સંગ્રહ, વરસાદ લાવવામાં, ઓક્સિજન વધારવામાં વૃક્ષો મોટી ભૂમિકા ભજવે છે તેવું ભાર પૂર્વક જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભરૂચના સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખે જંગલોના પ્રેમ, મહત્વ અને જિલ્લાના વનો સમૃદ્ધ બને, સાચવણી થાય, જંગલ ખેડે નહીં, કાપે નહીં તેવી અપીલ કરી હતી. વન વિભાગના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધ ફોરેસ્ટ શ્રી એસ.કે.ચતુર્વેદી, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, મોનિટરિંગના શ્રી એ.પી. સિંઘ, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી વિકાસ અને વ્યવસ્થાના શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તે પ્રેરક ઉદબોધન કરી નર્મદા જિલ્લામાં આવેલા વન વિસ્તારોની સાચવણી કરી વધુ હરિયાળા બનાવવાની દિશામાં કાર્ય કરવા જિલ્લામા દરેક નાગરિકને સહભાગી બનવા આહવાન કર્યું હતું. અને ઉદબોધનમાં નર્મદા જિલ્લામાં નોકરીની પ્રથમ શરૂઆત અને જિલ્લાના રોટલા ખાઈને જંગલોને સાચવવામાં અદા કરેલી ભૂમિકા વર્ણવી હતી. વન વિભાગના સહયોગથી સમૃદ્ધિ તરફ આગળ આવેલા ઈકો ડેવલપમેન્ટ સમિતિના સભ્યો, સાતપુડા વન ભોજનાલય-દેડિયાપાડાના મહિલા મંડળના બહેનો, વન સમિતિના સભ્યોએ તેમના અને ગામલોકોના જીવનમાં આવેલા પરિવર્તન અંગે પોતાના પ્રતિભાવો પ્રસ્તુત કર્યા હતા. વૃક્ષોથી થયેલા ફાયદા અને ઉપયોગીતા અંગે સફળ વાર્તા વર્ણવી હતી. નર્મદા જિલ્લા વન વિભાગ હસ્તક વિવિધ રેન્જમાં કાર્ય કરતા વન કર્મીઓ પૈકી ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ ડાંગ વન વિભાગ દ્વારા વન વિસ્તારોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલી શોર્ટ ફિલ્મ (સીડી)નું મહાનુભાવોના હસ્તે અનાવરણ કરવામાં આવ્યું હતું. રાજપીપલાની રેન્જર્સ કોલેજ કેમ્પસમાં આયોજિત કાર્યક્રમમાં વલસાડ વર્તુળ વન વિભાગના સીસીએફ શ્રી મનીશ્વર રાજા, નર્મદાના નાયબ વન સંરક્ષક(જનરલ)શ્રી નિરજ કુમાર, નાયબ વન સંરક્ષક(સામાજિક વનીકરણ)શ્રી મિતેશ પટેલ, રેન્જર્સ ફોરેસ્ટ કોલેજ-રાજપીપલાના પ્રિન્સિપાલ શ્રી ડો. સુનિલ બેરવાલ, નર્મદા વન વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ, નર્મદા જિલ્લામાં વિશિષ્ટ કામગીરી કરી વન વિભાગમાંથી નિવૃત્ત થયેલા અધિકારીશ્રીઓ, જિલ્લાના ગામોમાં કાર્યરત વન સમિતિના પ્રમુખ-મંત્રીશ્રી, સભ્યોશ્રીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યુઝ બોક્ષ

## નેવીએ અરબ સાગરમાં ચાર પેટ્રોલ વેસલ્સ તૈનાત કરી દીધા



। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના પશ્ચિમી તટ પર કેમિકલ ટેક્રર એમવીકેમ પ્લૂટો પર ડ્રોન હુમલા બાદ ઈન્ડિયન નેવી અરબ સાગરમાં સુપર એક્ટિવ થઈ ગઈ છે. હુમલા બાદ ઈન્ડિયન નેવીએ અરબ સાગરમાં ૩ યુદ્ધ જહાજ તૈનાત કર્યા હતા અને હવે ૪ પેટ્રોલ વેસલ્સ તૈનાત કરી દીધા છે. આ પેટ્રોલ વેસલ્સ એડવાન્સ હેલિકોપ્ટરોથી સજ્જ હશે. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે તૈનાત કરવામાં આવેલ પેટ્રોલ વેસલ્સ એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોનમાં શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખી રહ્યા છે. આ ક્ષેત્રમાં જ એમવીકેમ પ્લુટો પર ડ્રોન હુમલો થયો હતો. શંકાસ્પદ ગતિવિધિ નજર આવતા મદદ માટે ઈન્ડિયન નેવીએ કોસ્ટ ગાર્ડના ડોર્નિયર સમુદ્રી દેખરેખ એરક્રાફ્ટની ફ્લાઈટમાં ૫૦ ટકાનો વધારો કર્યો છે.

## આઈડીએફે હમાસની સૌથી લાંબી ટનલ શોધી કાઢી

। ગાઝા, તા.૨૮ ।

૭ ઓક્ટોબરના રોજ હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો ત્યારબાદ ઈઝરાયેલે યુદ્ધનું એલાન કરી દીધુ હતું. હવે આ યુદ્ધ ભીષણ રૂપ લઈ રહ્યું છે. આ યુદ્ધ શરૂ થયું તેના ૮૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે. આ દરમિયાન ઈઝરાયેલી સેના ગાઝા પટ્ટી પર ભીષણ બોમ્બમારો કરીને હમાસના ઠેકાણાને તબાહ કરી રહી છે. ત્યારે હવે આઈડીએફએ હમાસની એક એવી સુરંગ શોધી કાઢી છે જે આ પહેલા શોધવામાં આવેલી કોઈ પણ ટનલ કરતા સૌથી ઊંડી છે જેની ઊંડાઈ ૩૦૦ કિ.મી જણાવવામાં આવી રહી છે. આઈડીએફએ તાજેતરમાં જ હમાસની એક એવી સુરંગ શોધી કાઢી છે જ્યાં ભારે કિલ્લેબંધી હતી અને યુદ્ધ વચ્ચે ઈઝરાયેલ દ્વારા શોધવામાં આવેલી સૌથી મોટી સુરંગોમાંથી એક છે. આ સુરંગ ઈરેઝ બોર્ડરથી માત્ર ૧૦૦ મીટરના અંતરે છે. બોર્ડરની નજીક મોટો હોલ દેખાયા બાદ આઈડીએફએ ત્યાં સર્ચ કર્યું તો ૩૦૦ કિ.મી લાંબી ટનલ હોવાનો ખુલાસો થયો. એક અહેવાલ પ્રમાણે સુરંગની અંદર સ્ટીલનો પાઈપ, કંક્રીટનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વીજળીના તાર પણ લટકી રહ્યા હતા. આ સુરંગમાં લાઈટ નહોતી તેના કારણે ઘેરો અંધકાર હતો.

### પ્રથમ ટેસ્ટ કેટલાક ખેલાડીની કેરિયર પલટશે

# રાહુલની સદીએ ભરત, ઈશાન અને પંતના ટેસ્ટ ટીમમાં સ્થાન અંગે શંકા

### ભારતીય ક્રિકેટ બોર્ડ થોડા સમય બાદ ફરીથી કે.એલ રાહુલને વિકેટકીપરની જવાબદારી સોંપી શકે છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે સેન્ચુરિયનમાં રમાઈ રહલી પ્રથમ ટેસ્ટમેચમાં ભારતીય ટીમનો ટોપ ઓર્ડર સંપૂર્ણપણે ફ્લોપ રહ્યો હતો. જો કે આ પછી કે.એલ રાહુલે ભારતીય ઈનિંગને સંભાળી અને સાઉથ આફ્રિકાના બોલરોને રિમાન્ડ પર લીધા. તેણે મુશ્કેલ વિકેટ પર સદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. રાહુલે ૧૩૭ બોલમાં ૧૪ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૧૦૧ રન બનાવ્યા હતા. આ શાનદાર પ્રદર્શનના કારણે તેણે ટેસ્ટ ટીમમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે. જયારે રાહુલની આ સદીના કારણે ત્રણ ખેલાડીઓના ટેસ્ટ કરિયર પર તલવાર લટકી રહી છે. ભારતીય ટીમના વિકેટકીપર બેટ્સમેન કે.એસ ભરતનું વિકેટકીપિંગ કૌશલ ખુબ જ સારું છે. પરંતુ તેની બેટિંગ એક નબળી કડી છે. આવી સ્થિતિમાં કે.એલ રાહુલ તેને ટેસ્ટ ટીમથી ખુબ જ આરામથી રિપ્લેસ કરી શકે છે. ટેસ્ટ ટીમમાં કે.એસ ભરતને જગ્યા મળવી ખુબ જ મુશ્કેલ છે. ભારતીય ટીમનો યુવા વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશને વ્હાઈટ બોલ ક્રિકેટમાં પોતાને સાબિત કર્યો છે. પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેની પાસે વધુ અનુભવ નથી. ઈશાન સતત એક વર્ષથી ભારતીય ટીમ સાથે પ્રવાસ કરી રહ્યો છે.



હવે કે.એલ રાહુલના સદી ફટકાર્યા બાદ કદાચ કિશનનું નામ રેડ બોલ માટે વિચારવામાં નહીં આવે. હવે તેના માટે ટેસ્ટ ટીમમાં જગ્યા બનાવવી મુશ્કેલ લાગી રહી છે. રિષભ પંતનો ગયા વર્ષે ડિસેમ્બરમાં એક ભયાનક કાર અકસ્માત થયો હતો. ત્યારથી તે ક્રિકેટથી દૂર છે અને હવે તે ઝડપથી રિકવર કરી રહ્યો છે. આઈપીએલમાં તેના પુનરાગમનની પૂરી સંભાવના છે. તેમાં કોઈ શંકા નથી કે પંત તેના આગમન બાદ ભારતીય ટીમનો પ્રથમ પસંદગીનો વિકેટકીપર બની જશે, ખાસ કરીને ટેસ્ટમાં તેનું પ્રદર્શન જબરદસ્ત રહ્યું છે. પરંતુ જો તે ટીમમાં આવ્યા પછી પરફોર્મ કરી નહીં શકે, તો ટીમ મેનેજમેન્ટ થોડા સમય બાદ ફરીથી કે.એલ રાહુલને વિકેટકીપરની જવાબદારી સોંપી શકે છે.



### લાંબા વાળને લઈને ટીમ ઈન્ડિયાનો પૂર્વ સુકાની ફરી ચર્ચામાં

## ફેન્સને પસંદ હોઈ મેં વાળ ફરી લાંબા કર્યા : એમ.એસ ધોની

### આ હેરસ્ટાઇલ જાળવવી મુશ્કેલ છે, પહેલા હું ૨૦ મિનિટમાં જ તૈયાર થઈ જતો હતો હવે ૧ કલાક ૧૦ મિનિટ લાગે છે

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન એમ.એસ ધોની ફરી એકવાર તેના લાંબા વાળને લઈને ચર્ચામાં છે. હાલ ધોનીનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેણે આઈપીએલ ૨૦૨૪ પહેલા લાંબા વાળ રાખવા પાછળના કારણનો ખુલાસો કર્યો છે. ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૦૭ જીત્યા પછી પોતાના લાંબા વાળ કપાવી દીધા હતા. પરંતુ ધોનીના ફેન્સને તેના લાંબા વાળ ખુબ જ પસંદ હતા. આવી સ્થિતિમાં આઈપીએલ ૨૦૨૪ પહેલા ફરી એકવાર ધોનીએ વાળ લાંબા કરી લીધા છે. એક ઈવેન્ટ દરમિયાન ધોનીએ લાંબા વાળ રાખવા પાછળ કારણ જણાવતા કહ્યું કે તેણે આ હેરસ્ટાઈલ રાખવામાં ખુબ જ મુશ્કેલી થાય છે. ધોનીએ કહ્યું કે તે વાળ લાંબા એટલા માટે કર્યા છે કારણ કે તેના ફેન્સને આ ખુબ જ પસંદ છે. જો કે તેણે એ પણ કહ્યું કે તેણે વધુ મુશ્કેલ થશે તો તે વાળ કપાવી દેશે. ધોનીએ વધુમાં કહ્યું, 'આ હેરસ્ટાઈલ જાળવવી મુશ્કેલ છે. પહેલા હું ફક્ત ૨૦ મિનિટમાં તૈયાર થઈ જતો હતો, પરંતુ હવે મને તૈયાર થવામાં ૧ કલાક ૧૦ મિનિટ લાગે છે. હું તે કરી રહ્યો છું કારણ કે ફેન્સને તે ગમે છે, પરંતુ કોઈ દિવસ હું જાગીશ અને તેને કાપી નાખીશ.'

### ભારતીય શેરબજારમાં અવિરત તેજી

## સેન્સેક્સમાં ૩૭૨ અને નિફ્ટીમાં ૧૩૯ પોઈન્ટનો વધારો નોંધાયો

। મુંબઈ, તા.૨૮ ।

શેરબજારનો કારોબાર ગુરુવારે બમ્પર તેજી સાથે સમાપ્ત થયો. બીએસઈ સેન્સેક્સ ૩૭૨ પોઈન્ટ ઉછળીને ૭૨૪૧૦ ના સ્તર પર બંધ થયો છે જ્યારે નિફ્ટી ૧૩૯ પોઈન્ટ વધીને ૨૧૭૯૩ પોઈન્ટના સ્તર પર બંધ થયો છે. ગુરુવારે, કોલ ઈન્ડિયા લિમિટેડના શેરમાં ચાર ટકાનો ઉછાળો નોંધાયો હતો અને તે રૂ. ૩૮૦ના સ્તરને પાર કરી ગયો હતો, જ્યારે એનટીપીસીના શેરમાં ત્રણ ટકા અને મહિન્દ્રાના શેરમાં ૨.૫૯ ટકાનો વધારો નોંધાયો હતો. ભારત પેટ્રોલિયમનો શેર રૂ. ૪૬૬ની સપાટી વટાવીને ૨.૫૪ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો.

શેરબજારના નિષ્ણાત સંજીવ ભસીને કહ્યું છે કે શેરબજારની વર્તમાન મુવમેન્ટમાં બહાદુર બનવાની જરૂર નથી અને રોકાણકારોએ પ્રોફિટ બુક કર્યા પછી બજારમાં નબળાઈની રાહ જોવી જોઈએ. ગુરુવારે શેરબજારમાં ફરી



એકવાર બમ્પર ઉછાળો નોંધાયો હતો અને બીએસઈસેન્સેક્સ ૭૨૫૦૦ની સપાટીને સ્પર્શી ગયો હતો. દિવસના કારોબારમાં નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૧૭૭૦ના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો.

નેશનલ સ્ટોક એક્સચેન્જમાં કામકાજ કરતી કંપનીઓમાંથી ૩૮ના શેરમાં તેજી જોવા મળી રહી હતી, એક શેરના ભાવમાં કોઈ ફેરફાર થયો ન હતો જ્યારે ૧૧ શેર નબળાઈ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સમાં વધારો દર્શાવતી કંપનીઓ વિશે વાત કરીએ તો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એનટીપીસી, પાવર ગ્રીડ, નેસ્લે, ટાટા મોટર્સ, આઈટીસી, ભારતી એરટેલના શેરો જંગી વોલ્યુમ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા.

## ધુમ્મસને લીધે દેશમાં માર્ગ અકસ્માતમાં ૧૭નાં મોત

। નવી દિલ્હી, તા.૨૮ ।

દેશના ઉત્તર અને મધ્ય ભાગના વિસ્તારમાં ગાઢ ધુમ્મસને કારણે સવારના સમયે યાત્રા કરવું ખુબ જ મુશ્કેલ બને છે અને સામાન્ય જનજીવન પર તેની અસર દેખાઈ રહી છે.

ગાઢ ધુમ્મસને કારણે અકસ્માતની ઘટના પણ બની છે જેમાં અત્યાર સુધીમાં ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે, એકલા ઉત્તર પ્રદેશમાં જ ૧૨ લોકોના મોત થયા છે. ખરાબ હવામાનના અને ગાઢ ધુમ્મસને કારણે સવારે મોટા ભાગના



વિસ્તારોમાં દ્રશ્યતાનું પ્રમાણ શૂન્ય પર રહ્યું હતું, જેના કારણે અકસ્માતની સંખ્યમાં વધારો થયો હતો. બે દિવસમાં ઉત્તર પ્રદેશથી લઈને પંજાબ તેમજ રાજસ્થાનમાં થયેલા અકસ્માતોમાં કુલ ૧૭ લોકોના મોત થયા હતા.

# ડીએમડીકેના ચીફ વિજયકાંત ૭૧ વર્ષની વયે અવસાન પામ્યા

### કોવિડ આવતા અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી તેમને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા

। ચેન્નાઈ, તા.૨૮ ।

અભિનેતામાંથી રાજનેતા બનેલા ડીએમડીકેના ચીફ વિજયકાંતનું ૭૧ વર્ષની વયે નિધન થયું છે. તેમની પાર્ટીના જણાવ્યા અનુસાર તેમનો કોવિડ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાથી તેમને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. દક્ષિણના સુપરસ્ટાર અને દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ



(ડીએમડીકે)ના નેતા વિજયકાંત ચેન્નઈની ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. ગઈકાલે તેમની પાર્ટીએ કહ્યું કે તેમને નિયમિત સ્વાસ્થ્ય તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તે સ્વસ્થ છે. આજે તેમનો કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોવાથી તેમને ચેન્નઈની ખાનગી હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

ડીએમડીકેના ચીફને ૨૦ નવેમ્બરે પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને આ મહિને જ તેઓ હોસ્પિટલમાંથી ઘરે પરત ફર્યા હતા. વિજયકાંતની હોસ્પિટલમાં શ્વાસની બીમારીની સારવારચાલી રહી હતી. તેમણે ૧૫૪ ફિલ્મોમાં અભિનય કર્યો હતો અને તેમની ફિલ્મી સફર શાનદાર રહેતા ઘણી હિટ ફિલ્મો આપી હતી. ફિલ્મો બાદ તેઓ રાજકારણમાં આવ્યા હતા અને તેમણે દેસિયા મુરપોક્કુ દ્રવિડ કઝગમ (ડીએમડીકે)ની સ્થાપના કરી અને વિરુધાચલમ અને ઋષિવંદિયમ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા બે વખત વિધાનસભાના સભ્ય તરીકે સેવા આપી હતી.

### અયોધ્યાના રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાની તૈયારી જોરમાં

## રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામાં સીતારામ હાજર નહીં રહે

। નવી દિલ્હી, તા.૨૮ ।

રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યારે ભાજપ ભારે ઉત્સાહમાં છે તો વિપક્ષી દળો આ મામલે તેના પર રાજકીય ખાટવાનો આરોપ મૂકી રહ્યા છે. દરમિયાન એવા અનેક વિપક્ષી નેતાઓ છે જેઓ આ સમારોહથી દૂર રહી શકે છે. જેમાં વધુ એક વિપક્ષી દિગ્ગજનું નામ ઉમેરાઈ ગયું છે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સંભવતઃ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના ઉદ્દઘાટનમાં હાજરી નહીં આપે. મુખ્યમંત્રીએ આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત તો કરી નથી, પરંતુ તૃણમૂલ કોંગ્રેસના પ્રવક્તા કુણાલ ઘોષે એક નિવેદનમાં માત્ર મુખ્યમંત્રી જ નહીં પરંતુ પાર્ટીના કોઈપણ નેતા મંદિરના ઉદ્દઘાટન સમારોહમાં હાજરી આપશે તેવી સંભાવનાઓને નકારી કાઢી હતી. જ્યારે કુણાલ ઘોષને પૂછવામાં આવ્યું કે શું મુખ્યમંત્રી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં યોજાનારા કાર્યક્રમમાં જશે? ત્યારે તેમણે કહ્યું કે મંદિરના ઉદ્દઘાટનમાં તેમની



ભાગીદારીનો સવાલ જ ઊભો થતો નથી. અગાઉ મંગળવારે માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી પોલિટ બ્યુરોએ એક નિવેદન જારી કરીને જાહેરાત કરી હતી કે પાર્ટીના મહાસચિવ સીતારામ યેચુરી ઉદ્દઘાટન કાર્યક્રમમાં હાજરી નહીં આપે.

ગયા અઠવાડિયે કોંગ્રેસ પાર્ટીએ ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે આમંત્રણ આપવા બદલ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનો આભાર માન્યો હતો. જો કે, કોંગ્રેસ તરફથી મલ્લિકાર્જુન ખડગે કે પછી સોનિયા ગાંધીના આ સમારોહમાં હાજર રહેશે કે નહીં તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. જ્યારે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું છે કે જો તેમને રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે આમંત્રણ મળશે તો તેઓ ચોક્કસ જશે.




બીજેપી કાઉન્સિલરો દ્વારા નવી દિલ્હીમાં સરકારી હોસ્પિટલોમાં નકલી દવાઓનો ઉપયોગ કરવાના આરોપોને લઈને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીડી) હાઉસની અંદર વિરોધ પ્રદર્શન કર્યો હતો.

## રણબીરે જય માતા દી કહીને કેક પર દારૂ સળગાવતા વિવાદ થયો



। મુંબઈ, તા.૨૮ ।

બોલીવુડ અભિનેતા રણબીર કપૂર એક વિવાદમાં ફસાઈ શકે છે. તાજેતરમાં જ એનિમલ એક્ટરનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રણબીર અને તેમના પરિવારના સભ્ય ક્રિસમસ મનાવતા કેક કાપી રહ્યા હતા. જેમાં કેક પર દારૂ નાખીને આગ લગાડવામાં આવી રહી હતી. રણબીર કપૂર કેક કાપતી વખતે 'જય માતા દી' બોલતા નજર આવી રહ્યા હતા. આ વીડિયો વાયરલ થયા બાદ રણબીર કપૂર ખૂબ ટ્રોલ થઈ રહ્યા હતા. હવે ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં બુધવારે ઘાટકોપર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. આ મામલે હજુ સુધી કોઈ એફઆઈઆરનોંધવામાં આવી નથી. ફરિયાદ કરનાર સંજય તિવારીએ પોતાના વકીલ દ્વારા દાવો કર્યો કે વીડિયોમાં એનિમલ એક્ટર જય માતા દી કહેતા કેક પર દારૂ અને આગ લગાડતા નજર આવી રહ્યા છે. ફરિયાદમાં કહેવામાં આવ્યુ છે કે હિંદુ ધર્મમાં દેવતાઓનું આહ્વાન કરતા પહેલા અગ્નિ દેવતાનંવ આહ્વાન કરવામાં આવે છે પરંતુ કપૂર પરિવારના સભ્યોએ બીજા ધર્મનો તહેવાર મનાવતી વખતે જાણીજોઈને નશીલા પદાર્થોનો ઉપયોગ કર્યો. સાથે જ જય માતા દી ના નારા લગાવ્યા.

## સાસરિયામાં છોકરી સાથે સામાન્ય દુર્વ્યવહારને ક્રૂરતા ન કહી શકાય

। નવી દિલ્હી, તા.૨૮ ।

કર્ણાટકના એક કેસની સુનાવણી કરતા દહેજ ઉત્પીડન અંગે સુપ્રીમ કોર્ટે એક મોટી ટિપ્પણી કરી છે. કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કહ્યું કે સાસરિયામાં છોકરી સાથે સામાન્ય દુર્વ્યવહારના કેસને દહેજ ઉત્પીડનનું નામ ન આપી શકાય.

ખંડપીઠે કહ્યું કે, જો ફરિયાદીના લગ્ન જીવનમાં દખલગીરી અથવા સંડોવણીના કોઈ ફિઝિકલ પુરાવા નથીતો આરોપીને આઈપીસીની કલમ ૪૯૮એહેઠળ ક્રૂરતા માટે દોષી ન ઠેરવી શકાય. જસ્ટિસ સંજીવ ખન્નાએ એક તાજેતરના આદેશમાં આ સ્પષ્ટ કર્યું છે. કોર્ટ કર્ણાટકના એક મહિલાની અપીલ પર સુનાવણી કરી રહી હતી. જેમાં તેમની નવપરિણીત ભાભીએ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને તેમના પ્રાઈવેટ સામાનને કચરાપેટીમાં ફેંકવાનો આરોપ લગાવ્યો હતો. કલમ ૪૯૮એહેઠળ જે કોઈ પણ કોઈ મહિલાનો પતિ અથવા સબંધી આવી મહિલી સાથે ક્રૂરતા કરશે તેને ત્રણ વર્ષની કેદની સજા થશે અને દંડ પણ ફટકારવામાં આવશે. જોકે, ખંડપીઠને એ જાણવા મળ્યું કે, આરોપી મહિલા પોતાની ભાભી સાથે તે ઘરમાં નથી રહેતી.

## ડમ્પરે બસને ટક્કર મારતા આગથી ૧૩ મુસાફર જીવતા ભૂંજાયા

। ગુના, તા.૨૮ ।

ગુનાથી આરોન જતી સિકરવાર બસમાં બુધવારે રાતે આશરે ૦૮:૩૦ વાગ્યે એક ડમ્પરે જોરદાર ટક્કર મારી દીધી હતી. જેના બાદ ડીઝલ ટેક્ર ફાટી જતાં બસ આગનો ગોળો બની ગઈ હતી જેમાં ૧૩ મુસાફરો જીવતા ભડથું થઈ ગયા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ઘણાની હાલત હજુ ગંભીર જણાવાઈ રહી છે. હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે. ભયંકર રીતે મૃતદેહો દાઝી જવાને કારણે મુસાફરોની ઓળખ કરવી પણ મુશ્કેલ થઈ રહી છે. જ્યારે દુર્ઘટનાની જાણકારી મળી તો મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે દુઃખ વ્યક્ત કરતાં તપાસના આદેશ આપ્યા હતા.

## તંત્રી લેખ...

# આત્મનિરીક્ષણના ઉપક્રમથી માનવના સ્વભાવમાં પ્રખરતા આવે છે

જીવનમાં સુખ-શાંતિ, ઉત્થાન, વિકાસ, સુધાર અને મહાનતાનાં સોપાન ચડવા માટે આત્મનિરીક્ષણ પ્રત્યેક માનવના સ્વભાવમાં અત્યંત જરૂરી છે. આત્મનિરીક્ષણના ઉપક્રમથી માનવના સ્વભાવમાં પ્રખરતા આવે છે, સદ્‌ગુણોની વૃદ્ધિ થાય છે અને વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. વ્યક્તિત્વ નિર્માણથી જ જીવનનું મૂલ્ય મહત્ત્વપૂર્ણ બને છે. જ્યારે પોતાના જીવનના પ્રત્યેક ભાગને ધ્યાનપૂર્વક જોઈશું તો જ એ સંભવ થશે. એટલે કે જીવનના પ્રત્યેક ભાગમાં ક્યાં, કઈ ખામી છે, એના પર તત્પરતાપૂર્વક ધ્યાન આપીશું, ત્યારે જ આપણે આપણી ખામીઓને દૂર કરી શકીશું. મોટાભાગે વ્યક્તિઓને પોતાના દોષ નથી દેખાતા. જો કોઈ વ્યક્તિ ખામીઓ ચીંધી બતાવે તો તેને ઈર્ષ્યાળુ શત્રુ માની લેવામાં આવે છે. તેનું પરિણામ એ થાય છે કે તેમનું સમગ્ર વ્યક્તિત્વ ભદ્દું બની જાય છે. મનુષ્ય પોતાના દોષ જોવાની જગ્યાએ બીજાઓની ખામીઓ જોવામાં રસ લે છે. મોટાભાગના લોકો એમાં જ પોતાની શક્તિ અને સમયની ખપત કરે છે. છિદ્રાન્વેષણની પ્રવૃત્તિ તેમને સંસારમાં ક્યાંય સુંદરતા જોવા જ નથી દેતી. સૃષ્ટિમાં ગુણ છે તો દોષ પણ છે. દરેક સ્થાન, પદાર્થ, વ્યક્તિમાં કોઈને કોઈ માત્રામાં આ બંને હોય છે. સંસારમાં પોષક ચીજો છે તો ઝેર જેવા મારક પદાર્થો પણ છે. કેટલીય વાર વધુ ખાઈ લેવાને કારણે પોષક પદાર્થ પણ મારક બની જાય છે અને કેટલીય ઝેરી ચીજો ઔષધિ રૂપે વાપરીનેકોઈનો જીવ બચાવી શકાય છે, પરંતુ એ ત્યારે જ સંભવ છે, જ્યારે ઉપયોગ કરનાર તેનો વિવેકસંમત રીતે પ્રયોગ કરે. સંસારમાં કદાચ જ એવું કોઈ પ્રમાણ મળે કે કોઈ વ્યક્તિએ દૂષિત દૃષ્ટિકોણ અને પરનિંદાની વૃત્તિ રાખીને જીવનમાં સફળતા મેળવી હોય. વિશ્વનો ઈતિહાસ એ વાતથી ભરેલો છે કે ઘોર નિંદા, ટીકા અને વિરોધ થવા છતાં પણ જે લોકોએ કોઈની નિંદા ન કરી અને ગુણગ્રાહક વૃત્તિમાં વિશ્વાસ રાખ્યો, તેઓ સફળ થયા અને તેમણે પોતાની સાથે બીજાઓનું પણ કલ્યાણ કર્યું. જીવનમાં સુખ-શાંતિ ઈચ્છો છો તો વીતેલા સમયમાં પસ્તાવો અને ભવિષ્યની ચિંતા ન કરે નાની-નાની હકારાત્મક બાબતોને કારણે જીવનમાં સુખ-શાંતિ બની રહે છે. જે લોકો ભૂતકાળનો અફસોસ કરે છે અને ભવિષ્યની ખૂબ ચિંતા કરે છે, તેમને સખત મહેનત કરીને પણ સુખ-શાંતિ મળતી નથી. જીવનમાં મોટી મુશ્કેલીઓ આવે ત્યારે આપણી ખુશી અને મનની શાંતિ છીનવાઈ જાય છે. તન-મનથી આપણે ભાંગી પડીએ છીએ. પણ શાસ્ત્રની મદદથી અસંખ્ય લોકો જીવનની મુશ્કેલીઓ અને ચિંતાઓમાંથી બહાર આવી શક્યા છે. તેઓને જીવનમાં સાચી ખુશી અને યોગ્ય દિશા મળી છે. શાસ્ત્ર તમને પણ સુખ-શાંતિ મેળવવા મદદ કરી શકે છે. આજે દુનિયામાં યુદ્ધો ચાલે છે. લોકો ગરીબ છે. બીમારીથી પીડાય છે. મોટી ઉંમરને લીધે ઘણાનું જીવન તકલીફોથી ભરેલું છે. તોપણ આપણે ઈશ્વરનાં વચનો પર પૂરો ભરોસો રાખી શકીએ કે તે જલદી જ પૃથ્વી પર સારા ફેરફાર લાવશે. આપણે તેમના નીતિ-નિયમો પ્રમાણે જીવવું જોઈએ. એનાથી મનની શાંતિ મળશે. જીવનમાં સંતોષ મળશે. ‘ઈશ્વર પોતે તેઓની સાથે રહીને તેઓનો ઈશ્વર થશે. તે તેઓની આંખોમાંનું દરેક આંસુ લૂછી નાખશે; મરણ, શોક કે રૂદન કે દુઃખ ફરીથી આવશે નહિ. પ્રથમની વાતો જતી રહેલી છે.’

# ૨૦૨૩માં કોઈ પણ કારણોસર સમાચારોમાં ચમકતા વ્યક્તિઓ

સમગ્ર વર્ષમાં કેટલીક ચુનંદી વ્યક્તિઓ સારા અને ખરાબ કારણોસર સમાચારોમાં ચમકતા રહ્યા. ક્રિકેટમાં વિરાટ કોહલીથી માંડીને એઆઈમાં સેમ ઓલ્ટમેન અને રાજકારણમાં મહુઆ મોઈત્રા સુધી, આવો જોઈએ ૨૦૨૩ના ન્યૂઝમેકર્સ કોણ કોણ રહ્યા. ૨૦૨૩માં વિરાટ કોહલી માટે બધું જ યોજના અનુસાર ચાલતું રહ્યું. તેણે વર્ષની શરૂઆત કરતાં વનડેમાં શ્રીલંકા વિરુદ્ધ બે શાનદાર સદી ફટકારી. માત્ર ૧૧૦ બોલમાં ૧૬૬ રનની ઈનિંગ પણ તેમાં સામેલ રહી. માર્ચમાં તેણે પોતાની ૨૮મી ટેસ્ટ સદી બનાવી અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ શાનદાર ૧૮૬ રનની ઈનિંગને કારણે ભારતે સિરીઝ ડ્રો કરાવી. જુલાઈમાં કોહલીએ પોતાની ૨૯મી ટેસ્ટ સેન્ચુરી ફટકારી. આ સેન્ચુરી વેસ્ટ ઈન્ડિઝ સામે હતી. પરંતુ મેઈન એટ્રેક્શન પોઈન્ટ ત્યારે આવ્યો જ્યારે તેણે દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ સદી બનાવી અને વનડે ક્રિકેટમાં પોતાના નાયક સચિન તેંડુલકરની ૪૯ સદીઓના રેકોર્ડને તોડી નાખ્યો. વિરાટ કોહલીએ બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કરવામાં આવેલ એક વીડિયોમાં કહ્યું કે મારા માટે આ ઘણી ભાવનાત્મક વાત છે. હું તેમને મારા આદર્શ માનીને મોટો થયો, હું ભારત માટે રમવાની ઈચ્છા ધરાવતો હતો, તેમને રમતા જોવા અને વનડેમાં તેમના રેકોર્ડની બરાબરી કરવી મારા માટે એક અવાસ્તવિક ક્ષણ છે. મેં ક્યારેય સપનાંમાં પણ નહોતું વિચાર્યું કે હું અહીં પહોંચીશ, તેથી હું ખુદને ધન્ય અને આભારી અનુભવું છું. ૨૦૨૩નું વર્ષ પ્રિન્સ ચાર્લ્સ માટે ઉતાર-ચડાવનું રહ્યું. ગયા વર્ષે મહારાણી એલિઝાબેથ દ્વિતીયના મૃત્યુ બાદ બ્રિટિશ સિંહાસન પર ચડવા માટે તેમણે ૭૦ વર્ષ રાહ જોઈ, જે ઈતિહાસનો સૌથી લાંબો વેઈટિંગ પીરિયડ હતો. નવા રાજાએ પોતાના તમામ લોકોની સેવા કરવાના સોગંદ ખાધા, ચાહે તે ક્યાંય પણ રહેતા હોય કે જે પણ માનતા હોય. કિંગ રૂપે ચાર્લ્સ પર બધાની નજર હતી કે તે કેવું પ્રદર્શન કરશે. જાન્યુઆરીમાં તેમના પુત્ર પ્રિન્સ હેરીના સંસ્મરણ સ્પેયરનું વિમોચન થયું. આ પુસ્તકે રાજાશાહીની કેટલીય નકારાત્મક વાતો દુનિયા સામે ઉજાગર કરી અને દેખાડ્યું કે પિતા અને પુત્ર વચ્ચે સંબંધોમાં કેટલી હદે ખટાશ આવી ગઈ હતી. માર્ચમાં ચાર્લ્સ અને કેમિલા જર્મનનીની રાજકીય યાત્રા પર નીકળ્યા. જ્યાં તેઓ પોતાની પ્રતિષ્ઠાને અનુરૂપ જર્મનીની સંસદને સંબોધિત કરનારા પહેલા બ્રિટિશ સમ્રાટ બન્યા. એ જ મહિને ચાર્લ્સ કથિત રીતે પોતાના પુત્ર અને પત્નીને વિંડસર કેસલમાં પોતાના ફ્રોગમોર કોટેજથી બહાર જવા કહી દીધું. ઐતિહાસિક વેસ્ટમિંસ્ટ્ર એબ્બેમાં તેમનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એક એવેં સ્થાન જે હવે ૪૦ બ્રિટિશ રાજાઓ સિંહાસન પર બેસવાનું સાક્ષી છે. ડિસેમ્બર કદાચ વર્ષના સૌથી વિસ્ફોટક સમાચારનો સાક્ષી બન્યો, જ્યારે રેસ વિવાદ, જેનાં મૂળ ઓપ્રાહની સાથે હેરી અને મેઘન ૨૦૨૦ના ઈન્ટરવ્યૂમાં હતા. આ વિવાદે ફરી જોર પકડ્યું. એનિડ સ્કોબીના એક પુસ્તકના ડચ સંસ્કરણમાં ચાર્લ્સ અને પ્રિન્સેસ કેટને ‘વંશવાદી રોયલ્સ’ રૂપે દર્શાવ્યા, જેમણે હેરી અને મેઘનને પૂછ્યું હતું કે તેમના બાળકની ત્વચાનો રંગ શો હશે. આ ખુલાસાથી બ્રિટનમાં હોબાળો મચી ગયો અને ત્યાં સુધી કે એક સાંસદે હેરી અને મેઘન પાસેથી તેમની શાહી ઉપાધિઓ છીનવી લેવા એક વિધેયક રજૂ કર્યું. કેટલાય લોકો માટે ૨૦૨૩નું વર્ષ એ હશે જ્યારે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ એલન મસ્કે ટ્વિટરને સંપૂર્ણ રીતે બદલી નાખ્યું. પ્લેટફોર્મનું મૂલ્ય એક તૃતિયાંશ ઘટી ગયું, જાહેરાતદાતાઓ ખચકાવા લાગ્યા, હેટ સ્પીચ અને સતામણી વધી ગઈ છે.

# છોડો કલ કી બાતે, કલ કી બાત પુરાની, ગીત મુજબ દરેક હિન્દુસ્તાની એ નવા ઈતિહાસ માટે કટિબદ્ધ થવું પડશે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર પ્રણામ. હમણાં આયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત પ્રભુ શ્રી રામ વિષે લખાય છે, અને સૌને એમ છે કે હવે રામરાજ્ય હાથ વેંતમાં છે બીજું અમુક ધર્મને કારણે આપણે આપણા જ દેશમાં હિન્દુ હોવાનો ગર્વ કરી શકતા નથી, તો કોઈ એની માટે રાજકીય પક્ષો જવાબદાર છે એમ કહે છે. હિન્દુ ધર્મમાં ઈશ્વર એક હોવા છતાં ઘણા સ્વરૂપની પરિકલ્પના છે, એટલે હિન્દુમાં પણ ઘણા ધર્મ સંપ્રદાયના વાડા છે. ૬ ડિસેમ્બર બાબરીધ્વંસની તારીખ ગઈ, મુસલમાન પણ જાણે છે કે રામ રહીમ છે, અને રહીમ એ જ રામ છે, અને એ સત્ય હિન્દુ પણ જાણે છે. હિંદુ ધર્મ પ્રમાણમાં સહિષ્ણુ છે, એટલે કોઈને પોતાના ધર્મથી વિમુખ થવું પડે એવું ક્યારેય કરે નહીં, અને માન પણ આપે. ટૂંકમાં કહીએ તો કટ્ટરતાવાદી નહીં પણ ક્યારેક ઢીલુ મૂકતા હોઈએ તેવું લાગે, અને એ તકનો લાભ ઘણા ઉઠાવે પણ ખરા. આપણો ધર્મ ગમે તે હોય, અને એ વિશે આપણી જે કોઈ ધારણા હોય તે સૌને મુબારક, પરંતુ એક બીજો ધર્મ છે એ દરેક હિન્દુસ્તાની એ નિભાવવા જોઈએ, અને તે રાષ્ટ્ર ધર્મ, દેશમાં વસતો એક એક નાગરિક પોતાનાં દેશ માટે સારું વિચારે, તો તેની પ્રગતિને કોઈ રોકી શકે નહીં. પણ ધર્મને નામે માત્ર ને માત્ર જેહાદ કે જુનુન!! આ જ આપણા દેશની ઓળખ બની ગઈ હોય એમ. સૌનો સાથ સૌનો વિકાસ એ મુજબ બધાનું એમાં યોગદાન છે, અને બધી પ્રજાએ બલિદાન આપ્યા છે. પણ જુનુ ભુલાય નહીં, તો નવો ઈતિહાસ રચાય નહીં માટે હિન્દુસ્તાની નવી તસવીર કે તકદીર લખવી હોય, તો આપણે અન્ય કોઈ ધર્મના નહીં પણ માત્ર હિન્દુસ્તાની છીએ એવો ભાવ રાખવો પડે, અને તો જ આ શક્ય છે. આવા જ એક ભાવનો સંદર્ભ લઈને આજે આપણે તરાને કી તર્જ જીવન કા અર્ક માં આગળ ચિંતન કરીશું.




**છોડો કલ કી બાતેં, કલ કી બાત પુરાની**
**નએ દૌર મેં લિખેંગે, મિલ કર નઈ કહાની**
**હમ હિંદુસ્તાની, હમ હિંદુસ્તાની**
**આજ પુરાની જંજીરોં કો તોડ ચુકે હૈં**
**ક્યા દેખેં ઉસ મંઝીલ કો જો છોડ ચુકે હૈં**
**ચાંદ કે દર પર જા પહુંચા હૈ આજ જમાના**
**નએ જગત સે હમ ભી નાતા જોડ ચુકે હૈં**
**નયા ખૂન હૈ નઈ ઉમંગેં, અબ હૈ નઈ જવાની**
**હમ કો કિતને તાજમહલ હૈં ઔર બનાને**
**કિતને હૈં અજંતા હમ કો ઔર સજાને**
**અભી પલટના હૈ રુખ કિતને દરિયાઓં કા**
**કિતને પર્વત રાહોં સે હૈં આજ હટાને**
**આઓ મેહનત કો અપના ઈમાન બનાએં**
**અપને હાથોં સે અપના ભગવાન બનાએં**
**રામ કી ઇસ ધરતી કો ગૌતમ કિ ભૂમી કો**
**સપનોં સે ભી પ્યારા હિંદુસ્તાન બનાએં**
**દાગ ગુલામી કા ધોયા હૈ જાન લુટા કે**
**દીપ જલાએ હૈં યે કિતને દીપ બુઝા કે**
**લી હૈ આઝાદી તો ફિર ઇસ આઝાદી કો**
**રખના હોગા હર દુશ્મન સે આજ બચા કે**
**હર જર્રા હૈ મોતી આઁખ ઉઠાકર દેખો**
**મિટ્ટી મેં સોના હૈ હાથ બઢાકર દેખો**
**સોને કિ યે ગંગા હૈ ચાંદી કી જમુના**
**ચાહો તો પત્થર પે ધાન ઉગાકર દેખો.**

૧૯૬૧માં બનેલી હમ હિન્દુસ્તાની નામની ફિલ્મનું આ ગીત છે, સુનીલ દત્ત અને આશા પારેખ અભિનીત આ ફિલ્મ છે, આ ગીત મુકેશના અવાજમાં ગવાયેલું છે, અને આ ગીતનાં સંગીતકાર ઉષા ખન્ના અને ગીતના શબ્દો પ્રેમ ધવન દ્વારા લખાયા છે. આ ફિલ્મના ગીત ઉપયોગ સૂર્યવંશીમા પણ થયો છે, અને ઉચ્ચ પ્રકારનો દેશ પ્રેમ હવે દરેકે દરેક જણાએ કેળવવો જ પડશે.

ધર્મ આપણો જે હોય તે પરંતુ રાષ્ટ્રધર્મને સૌથી ઉપર રાખવો એ દરેક હિન્દુસ્તાનીની ફરજમાં આવે છે. આ દેશે આપણને આશરો આપ્યો છે, નામ આપ્યું છે, રહેવા જમીન આપી છે, તો એ દેશ સાથે દગો કોઈ હિસાબે થવો જોઈએ નહીં. ઘટના તો વ્યક્તિગત રીતે કે સામાજિક રીતે દરેકે દરેકના જીવનમાં ઘટતી જ હોય છે, તો વ્યક્તિગત રીતે જેમ આપણે અમુક સમયે એ દુઃખ કે ખેદ માંથી બહાર આવી જતાં હોઈએ છીએ, તેમ સામાજિક ઘટનાઓમાંથી પણ બહાર આવી અને હવે એક સુંદર હિન્દુસ્તાનની કલ્પના કરીએ. માત્ર મારો દેશનો એક ઉચ્ચ ભાવ હોય એટલે કે રાષ્ટ્ર ધર્મ આગળ રહે, બાકી બધુ જ ગૌણ લાગે અને જાતિ પાતીના ભેદભાવ ભૂલી માનવતા એ જ પરમ ધર્મ એ સૂત્ર અંગીકાર કરીએ, તો જ નવા હિન્દુસ્તાનની પરિકલ્પના જે ગાંધી સરદારે જોઈ હતી તે પૂરી થશે. નવા હિન્દુસ્તાનની પરિકલ્પના કરીને કવિ સાહસનો એક અદમ્ય ભાવ દરેક હિન્દુસ્તાનીમાં ભરવા માંગે છે, અને કહે છે કે જૂનું બધું જ ભૂલી જાવ, તો જ આપણે નવી સફર પૂરી કરી શકીશું, અને નવો ઈતિહાસ રચી શકીશું. માનવી ધારે તો સમુદ્ર પર પણ સેતુ રચી શકે છે, એ પણ આપણો ઈતિહાસ છે.

કંઈક મેળવવા માટે કંઈક ગુમાવવું પડે, એમ વિચારીને પણ નવું હિન્દુસ્તાન કે જ્યાં માત્ર ને માત્ર ભાઈચારો હોય અંદરોઅંદર એકબીજાના ધર્મનું આદર સન્માન હોય એવું હિન્દુસ્તાન બનાવવું હોય, તો રાષ્ટ્રધર્મ અને સર્વોપરી લઈ જવો પડે. રીતિ રિવાજો અને પરંપરાઓ જો જડ બની જાય, તો એની જંજીરો તોડીને પણ નવો ઈતિહાસ રચવાનું નિમંત્રણ આપતા કવિ કહે છે, કે હવે જૂનું જૂનું શું કામ યાદ કરો છો! આજે તો જમાનો ચાંદ ઉપર પહોંચી ગયો છે, અને નવા વિશ્વ સાથે તેણે નાતો જોડી લીધો છે.નવું લોહી છે અને નવો સાહસ હિંમત ઉમંગ તેના કણકણમાં ભર્યું છે, તે હિન્દુસ્તાનનો જરૂર નવો ઈતિહાસ લખશે. હજી તો કેટલાયે તાજમહલ બનાવવાના છે, દરિયાના રૂખ બદલવાના છે, અને અવરોધો રૂપે પર્વતો હટાવી માર્ગ કરવાનો છે. હિન્દુસ્તાનના લોકો આવો આપણે મહેનત ને જ ધર્મ બનાવીએ, આપણા હાથે જ આપણો ભગવાન બનાવીએ, એટલે કે આપણું પ્રારબ્ધ બનાવીએ, રામ અને ગૌતમ બુદ્ધની જન્મભૂમિને એમના સ્વપ્ન મુજબનું હિન્દુસ્તાન બનાવીએ. હિન્દુસ્તાનની પ્રજા ખૂબ જ સહિષ્ણુ છે, એણે ગુલામીનો દાગ પણ મીટાવ્યો છે. કેટલા કેટલા દીપકો બુલાયા ત્યારે આપણને આ આઝાદીનો દીપ જલાવવા મળ્યો છે, એટલે કે કેટલાય વીરના બલિદાનથી આપણને આઝાદી મળી છે, તો આઝાદી ને આપણે દેશના દુશ્મનોથી બચાવવાની છે.હિન્દુસ્તાનનો મહિમા ગાતા કવિ લખે છે કે, એક એક બુંદમાં મોતી સમાયેલા છે, અહીંની માટીમાં સોનું છે, અહીં સોના જેવી ગંગા અને ચાંદી જેવી જમુના છે, એના દ્વારા ચાહો તો પથ્થરમાં પણ ધાન ઉગાવી શકાય છે. આમ જુઓ તો આ કવિની કલ્પના છે, પણ કરવાં ધારીએ તો આપણે હિન્દુસ્તાની ઓ આવા હિન્દુસ્તાનને બનાવી શકીએ તેમ છીએ, કે જ્યાં માત્ર ને માત્ર રાષ્ટ્રપ્રેમ મોખરે હોય, એવો હિન્દુસ્તાની, અન્ય મઝહબ એક બાજુ અને રાષ્ટ્રધર્મ પરમ ધર્મ એમ સમજી અને જીવવું હવે બહુ જરૂરી થઈ ગયું છે.

ક્યાં સુધી જૂનું જૂનું યાદ રાખી અને અંદરો-અંદર વેર વધારતા રહીશું! વેર છે ત્યાં વિનાશ છે અને પ્રેમ છે ત્યાં ઈતિહાસ છે, આપણી સામે આ બે સત્ય છે, એમાંથી આપણે કયું સત્ય પસંદ કરવું એ આપણી પર નિર્ભર છે. વેર રાખીને બહુ જીવ્યાં, હવે અરસપરસ પ્રેમ નિભાવી ને જીવી જોઈએ, ઈશ્વર અલ્લાહ તેરો નામ એ પ્રાર્થના સાર્થક કરી જોઈએ, તો કદાચ ઝગમગતા હિન્દુસ્તાનના નવા ઈતિહાસના પાનામાં આપણું નામ પણ લખાય. આપણે ધારીએ તો બધું જ કરી શકીએ તેમ છીએ. અંગ્રેજોએ આપણા રાષ્ટ્રને ગુલામ બનાવવા નું શું કામ વિચાર્યું હતું, એ યાદ કરીએ, કારણકે તેને લોખંડ લેવા શરીરવાળા ગુલામો મળતા હતાં, અને અહીંની ધરતીમાં સોનુ હતું અહીં કુદરતે છૂટે હાથે પોતાનું એશ્વર્યા ઢોળ્યું હતું, તો દેશ પણ એ જ છે, અને એ જ ફોલાદી જીગર વાળા હિન્દુસ્તાની ઓ આજે પણ હિન્દુસ્તાનમાં વસે છે. તો ફરી પાછું એવું જ હિન્દુસ્તાન બનાવવા માટે, આપણે સૌ કટિબદ્ધ થઈએ,તેમજ આપણા રાષ્ટ્ર પ્રેમને સર્વોપરી રાખી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# સંત થવા માટે વ્યવહારને અતિ શુદ્ધ બનાવજો, મૂઠી ચણાની જરૂર છે, ત્યાં સુધી વ્યવહાર છૂટતો નથી




યશપાલસિંહ ટી. વાઘેલા

**માતાપિતા જે જન્મ આપે છે તે સધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે, સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે, સદગુરુ સશિષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતાપુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે, ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી.**

સંત એ પરમાત્માનું નામ છે. સર્વમાં ઈશ્વરનાં દર્શન કરે તે સદગુરુ. અધિકાર સિદ્ધ થયા પછી સદગુરુને શોધવાની જરૂર નથી. સદગુરુ જ અધિકારીને શોધતાં આવે છે. પરીક્ષિતનો અધિકાર સિદ્ધ થતાં જ શુકદેવજી મહારાજે તેના મસ્તક પર હાથ મૂકી તેને તેજોમય ભગવાનનાં દર્શન કરાવ્યાં હતાં. જગતમાં જેટલા સંતો થયા છે તેમનું ભૌતિક શરીર ભલે આજે નથી, પણ એમનું આધ્યાત્મિક શરીર કાયમ વિશ્વના વાયુમંડળમાં રહેલું છે, અને એ કાયમ લાયક શિષ્યોને શોધતા જ રહે છે. પરમાત્મા કરતાં એ લાયક સદગુરુ શ્રેષ્ઠ છે એમ કહીએ તોયે ખોટું નથી. પરમાત્માએ સંસારની રચના જ એવી કરી છે કે બધા જીવો ભક્તિ કરી શક્તા નથી. માતાપિતા જે જન્મ આપે છે તે સધારણ જન્મ છે, પણ સદગુરુ જે આધ્યાત્મિક જન્મ આપે તે જ સાચો જન્મ છે. સદગુરુ મળ્યા પછી માનવીનું પવિત્ર જીવન શરૂ થાય છે. સદગુરુ સશિષ્યનું હંમેશાં સર્વ પ્રકારે રક્ષણ કરે છે. પિતાપુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે. જ્યારે ગુરુશિષ્યના સંબંધ નિઃસ્વાર્થ છે. ગુરુને શિષ્યમાં જો કંઈ સ્વાર્થ હોય તો એ સાચો ગુરુ નથી.

એક સદગુરુ પોતાના શિષ્યની સાથે જંગલમાં એક વૃક્ષ નીચે રહેલો છે. શિષ્ય ઊંઘી ગયા છે. ગુરુ ધ્યાનમાં બેઠા છે એવામાં એક સર્પ ત્યાં આવે છે, ને કહે છે કે, હું તમારા શિષ્યને કરડવા આવ્યો છું ત્યારે ગુરુ કહે છે કે, ભાઈ, શિષ્ય હજી સાધક છે. એને પરમાત્માનાં દર્શન થવાના બાકી છે એને એ સ્થિતિમાં એનું મૃત્યુ થશે તો એની દુર્ગતિ થશે,માટે તું શિષ્ય ને નહીં,મને કર.તારા ડંખથી મારું મૃત્યુ મંગલમય બની જશે. પુત્રને સર્પ ડંખવા આવ્યો ત્યારે કોઈ પિતા આમ કહી !શકશે? પિતા પુત્રના સંબંધમાં સ્વાર્થ રહેલો છે, જ્યારે ગુરુશિષ્યનો સંબંધ નિઃસ્વાર્થ હોય છે.પાંચ પ્રકારની શુદ્ધતા પરીક્ષિત માં છે : માતૃશુદ્ધિ, પિતૃશુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, અન્નશુદ્ધિ અને આત્મશુદ્ધિ. આવા સશિષ્યને ગુરુકૃપા અને ઈશ્વરદાન થાય છે. સદગુરુ તત્ત્વ અને ઈશ્વર તત્ત્વ એક છે. ઈશ્વર જે વ્યાપક છે, તેમ ગુરુ પણ વ્યાપક છે. જેનો અભાવ કોઈ ઠેકાણે નથી તે વ્યાપને શોધવાની જરૂર પડતી નથી, પણ વ્યાપકને ઓળખવાની જરૂર છે. સંત થયા વગર સંતને ઓળખી શકાતા નથી. જે સંત થાય તેને સંત મળે. સંત થવા માટે વ્યવહારને અતિશુદ્ધ બનાવજો. મૂઠી ચણાની જરૂર છે ત્યાં



સુધી વ્યવહાર છૂટતો નથી. પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવે એ ખરો વૈષ્ણવ. સંત થવા માટે મનને બદલવાની જરૂર છે, જે પોતાના સહૃદયનું પરિવર્તન કરે છે, તે સંત બને છે. મન શુદ્ધ બને તો સંત મળે છે. સંતને જ સંત મળે છે. વિલાસીને સંત મળતો નથી. ગુરુદેવ બ્રહ્માસમ છે. તેઓ નવો જન્મ આપે છે. એટલે કે તે મનને અને સ્વભાવને સુધારે છે. ગુરુદેવ વિષ્ણુસમ છે કારણ કે ગુરુદેવ શિષ્યનું રક્ષણ કરે છે. ગુરુદેવ શિષ્યને મોક્ષ પણ આપે છે. તેથી શિવજીનું પણ સ્વરૂપ છે. ગુરુ વગર રહેશો નહીં. તમે લાયક થશો તો ભગવત્ કૃપાથી સદ્‌ગુરુ મળી રહેશે.

તુકારામજી મહારાજે પોતાનો અનુભવ વર્ણવ્યો છે. કથા વાર્તા સાંભળતા પ્રભુના નામમાં મારી પ્રીતિ થઈ. વિઠ્ઠલનો વિઠ્ઠલ હું સતત જપ કરવા લાગ્યો. ભગવાનને મારા ઉપર દયા આવી. હું ગંગાજીમાં સ્નાન કરીને આવતો હતો. રસ્તામાં ગુરુદેવ મળ્યા અને કહે વિઠ્ઠલનાથની પ્રેરણાથી હું તને ઉપદેશ આપવા આવ્યો છું. ગુરુદેવે કૃપા કરી અને મંત્ર આપ્યો રામકૃષ્ણ હરિ. ગુરુ દક્ષિણામાં ગુરુદેવે પાશેર તુપ એટલે ઘી માગ્યું.શું તુકારામના ગુરુને પાશેર ઘી નહીં મળતું હોય?પણ તુકારામની વાણી, ગૂઢાર્થ ભરેલી છે, તુપ એટલે તારું તું પણું અને હું પણું તું મને આપ. આજથી તું ભૂલી જા કે, તું પુરુષ છે. તું તારું પુરુષત્ત્વ ભૂલી જા. મારા ગુરુદેવે હું પણું અને તું પણું માગી લીધાં. મને આજ્ઞા કરી કે તારું અભિમાન મને આપ. આજથી હું પણું રાખીશ નહીં. તું પુરુષ નથી. તું સ્ત્રી નથી. કોઈનો પુત્ર નથી. બધાના દેહના ભાવ તું મને અર્પણ કર. તું શુદ્ધ છે, તું બ્રહ્મ છે, તું ઈશ્વરનો આશ છે. આમ જીવનો ઈશ્વર સાથે સંબંધ ગુરુદેવે સિદ્ધ કરી આપ્યો. જેની પ્રત્યેક ક્રિયા જ્ઞાનમય હોય તે ઉત્તમ ગુરુ.

ભક્તોની પ્રત્યેક ક્રિયા જ્ઞાન અને બોધરૂપ હોય છે. સંતોનું બધું અલૌકિક હોય છે. શુકદેવજી એકલા બ્રહ્મજ્ઞાની ન હતા પરંતુ તેમની દૃષ્ટિ પણ બ્રહ્મદૃષ્ટિ હતી. શુકદેવજી પ્રત્યેકને સમભાવથી જુએ છે. જે દૃષ્ટિ બ્રહ્મમય છે, તેને પછી જગતનો ભાસ થતો નથી. શુકદેવજી ગુરુ નહીં પણ સદ્‌ગુરુ છે. બ્રહ્મજ્ઞાનની શુષ્ક વાતો કરનાર સુલભ છે પણ શુકદેવજી જેવા બ્રહ્મદૃષ્ટિ રાખ નારા સુલભ નથી. શુકદેવજી જેવા ગુરુ મળે તો સાત દિવસમાં તો શું પણ સાત મિનિટ માં મુક્તિ અપાવે.પણ શિષ્ય પરીક્ષિત જેવો અધિકારી હોવો જોઈએ. મંત્રદીક્ષા અધર્મ છે, સ્પર્શ દીક્ષા ઉત્તમ છે. બ્રહ્મભાવમાં તલ્લીન થઈ શુકદેવ પરીક્ષિતના માથા ઉપર વરદ્ હસ્ત પધરાવ્યો,ત્યાં તેમને બ્રહ્મનાં દર્શન થયાં. ત્રણ પ્રકારના શ્રોતાવક્તામાં વ્યાસ જીને બીજો નંબર આપ્યો છે કારણ વ્યાસજી સમાજ સુધારે એ વૃત્તિથી કથા કરતા.શુકદેવજી બીજાને સુધારવાની ભાવનાથી કથા કરતા નથી. ફક્ત પોતાના અંતઃકરણના સુખ માટે કથા કરે છે. શુકદેવજીએ કથાનો આરંભ કર્યો પણ મંગલાચરણ કરતા નથી. કારણ દેહભાન બિલકુલ ન હતું. ત્રણ અધ્યાય પછી શુકદેવજીએ મંગલાચરણ કર્યું છે. ભાગવતમાં ત્રણ મંગલાચરણ છે. પ્રથમ વ્યાસજીનું, બીજું શુકદેવજીનું, અંતમાં સૂતજીનું.જુવાનીમાં મંગલાચરણ, મંગલઆચરણની બહુ જ જરૂર છે. એટલે શુકદેવ જીનું મંગલાચરણ ૧૨ શ્લોકનું અને બાકીનાં મંગલાચરણ એક એક શ્લોકનાં છે. સંસારના કોઈપણ વિષયમાં મન જાય એ વૈરાગ્ય. સંસારના વિષયો દેખાય તેમ છતાં જેનું મન તેમાં જતું નથી તેનું વૈરાગ્ય સિદ્ધ થયું. વૈરાગ્ય વગર દઢતા આવતી નથી. વૈરાગ્યથી જ્ઞાન દીપે છે. વૈરાગ્ય ભક્તિ શોભે છે. જ્ઞાન, ભક્તિ વૈરાગ્ય પરિપૂર્ણ થાય તો મનુષ્ય બ્રહ્મમય થાય છે. શુકદેવજીમાં સોળ આની જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય હતાં.જ્ઞાનીનું હૃદય શ્રીકૃષ્ણ પ્રેમમાં ન પીગળે તો જ્ઞાન શા કામ નું? પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે, જેનું મરણ પાસે આવ્યું હોય તેનું કર્તવ્ય શું? તે શું કરે,શું ન કરે? મનુષ્ય માત્રનું કર્તવ્ય શું? શુકદેવજી બોલ્યા :રાજન, તેં પ્રશ્ન સુંદર કર્યો છે. શ્રવણ કરો!તું મૃત્યુ ની બીક ધરીને તેની તૈયારીમાં પડયો તે સારું કર્યું. મૃત્યુની બીક રાખો એનું સ્મરણ રાખો. વિચાર કરો કે મૃત્યુને ભેટવાની તૈયારી કરી છે કે નહીં? આ પ્રમાણે ચિંતન કરવાથી વૈરાગ્ય આવે છે.

# રૂપાલી ગાંગુલી ઉંમરની જેમ બજેટ પણ વધી રહ્યું છે

## રુપાલી ગાંગુલીએ ૧૩ ફ્રેબુઆરી ૨૦૧૩ના રોજ બિઝનેસમેન અશ્વિન કે. વર્મા સાથે લગ્ન કર્યા હતા, રૂપાલી ગાંગુલી અનુપમા કરતા તદ્દન અલગ



ટીવીની સૌથી લોકપ્રિય અભિનેત્રી રૂપાલી ગાંગુલી પોતાના અભિનયથી ઘર-ઘરમાં જાણીતી બની ગઈ છે. આજે રૂપાલી ગાંગુલી તેના અદ્ભુત ઓનસ્ક્રીન અભિનયથી લાખો દિલો પર રાજ કરી રહી છે. ખાસ કરીને સિરિયલ 'અનુપમા'માં અનુપમાનું રૂપાલીનું પાત્ર બધાનું ફેવરિટ છે. ટીવી સિરિયલ ''સારાભાઈ દૃજ સારાભાઈ'' માં 'મોનિષા સારાભાઈ' તરીકે જોવા મળી હતી.વર્ષ ૨૦૨૨માં રૂપાલી ગાંગુલીને ટેલિવિઝન વિશ્વમાં તેમના યોગદાન બદલ ભારતના સર્વોચ્ચ એવોર્ડ ''દાદાસાહેબ ફાળકે એવોર્ડ'' થી સન્માનિત કરવામાં આવી હતી. રુપાલી ગાંગુલીએ ૧૩ ફેબુઆરી ૨૦૧૩ના રોજ બિઝનેસમેન અશ્વિન કે. વર્મા સાથે લગ્ન કર્યા હતા. અશ્વિન હંમેશા રુપાલીને સપોર્ટ કરતો જોવા મળ્યો છે. કપલને એક રુદ્રાંશ નામનો પુત્ર પણ છે. જેનો જન્મ ૨૫ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ થયો હતો. રુપાલી હંમેશા સોશિયલ મીડિયા પર પરિવાર તેમજ સિરીયલને લઈ વીડયો અને ફોટો પોસ્ટ કરી રહી છે. રૂપાલી હવે ટીવી ઈન્ડસ્ટ્રીની સુપરસ્ટાર બની ગઈ છે. રૂપાલી દરરોજ તેના ઈન્સ્ટાગ્રામ પર તેના અંગત જીવનના ફોટો શેર કરે છે. હવે રૂપાલી સોશિયલ મીડિયા પર તેના રિયલ લાઈફ ફેમિલી સાથે જોવા મળે છે. વિજય ગાંગુલીનો જન્મ ૧૯૮૦માં થયો હતો.તેમના પિતા, અનિલ ગાંગુલી, એક ફિલ્મ નિર્દેશક હતા. તે અભિનેત્રી રૂપાલી ગાંગુલીના નાના ભાઈ છે. રિપોર્ટ અનુસાર રુપાલી ગાંગુલી એક સિરીયલ નહિ પરંતુ એક એપિસોડ માટે ૩ લાખ રુપિયાનો ચાર્જ લે છે,રૂપાલીનું ટેલેન્ટ અને લોકપ્રિયતાને કારણે દર વર્ષે તેની નેટવર્થમાં વધારો થયો છે. વિજય ગાંગુલી તે એક ભારતીય કોરિયોગ્રાફર છે જે જગ્ગા જાસૂસ (૨૦૧૭), અંધાધૂન (૨૦૧૮), સ્ત્રી (૨૦૧૮) અને લવ આજ કલ (૨૦૨૦) માટે જાણીતા છે. તેણે જગ્ગા જાસૂસના ગીત ''ગલતી સે મિસ્ટેક'' માટે શ્રેષ્ઠ કોરિયોગ્રાફી માટે ૨૦૧૮નો ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતો. મારી માતા ખૂબ જ કડક હતી, તે મને લિપસ્ટિક પણ લગાવવા દેતી ન હતી. લિપસ્ટિક લગાવવી એ મારા માટે મોટી વાત હતી. તેણીએ કહ્યું, ''મને લાગતું હતું કે જો હું અભિનેત્રી બનીશ તો જીવન બદલાય થઈ જશે, રૂપાલી ગાંગુલીએ 'ભાભી', 'કાવ્યાંજલિ', 'કહાની ઘર ઘર કી', 'આપકી અંતરા' અને 'પરવરિશ - કુછ ખટ્ટી કુછ મીઠી' સહિતની ઘણી લોકપ્રિય ટીવી સિરિયલોમાં કામ કર્યું છે. રૂપાલી ગાંગુલીએ 'બિગ બોસ સીઝન ૧', 'ફેર ફેક્ટરઃ ખતરોં કે ખિલાડી ૨' અને કિચન ચેમ્પિયન ૨' જેવા ઘણા ટીવી રિયાલિટી શોમાં ભાગ લઈ ચૂકી છે.વર્ષ ૨૦૨૦માં રૂપાલી ટીવી સિરિયલ ''અનુપમા'' સાથે લગભગ સાત વર્ષના સમયગાળા પછી ભારતીય ટેલિવિઝન પર જોવા મળી. જે લોકોમાં ખૂબ જ લોકપ્રિય છે.

# વરુણ ધવને શેર કરેલી ઇજાગ્રસ્ત તસવીરથી ફેન્સ ચિંતામાં મૂકાયા



વરુણ ધવન એની શાનદાર એક્ટિંગ અને ભૂમિકા માટે જાણીતો છે. આ દિવસોમાં એક્ટર વરુણ ધવન એની અપકમિંગ ફિલ્મ 'વીડી ૧૮'ના શૂટિંગમાં વ્યસ્ત છે. જો કે આ વચ્ચે ફેન્સ માટે એક ખરાબ સમચાર છે. માહિતી મળી રહી છે કે વરુણ ધવન ફરી એક વાર ફિલ્મના શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થયો છે. અભિનેતાને ફરી ઈજા થઇ છે જેની તસવીર એક્ટેરે સોશિયલ મિડીયામાં શેર કરી છે. જો કે આ વાતથી અનેક લોકો દુખી થઈ ગયા છે. વરુણ જલદી સાજો થઇ જાય એ માટે ફેન્સ પ્રાર્થના કરી રહ્યા છે. વરુણ ધવને સોશિયલ મિડીયા એકાઉન્ટ પર એક તસવીર શેર કરી છે. આ તસવીરમાં વરુણ બેઠો છે અને એક પગ ખુરશી ઉપર રાખ્યો છે. આ ફોટો શેર કરતા વરુણ ધવને લખ્યુ છે કે 'વીડી ૧૮' ના શૂટિંગ દરમિયાન એક વાર ફરી આ થઈ ગયુ છે. જો કે એક્ટરની આ તસવીર સામે આવ્યા પછી એક અભિનેતાના ફેન્સ ખૂબ પરેશાન થઈ ગયા છે. તમને જણાવી દઈએ કે આ પહેલાં પણ ઘણી વાર વરુણ ધવન આ ફિલ્મના સેટ પર ઈજાગ્રસ્ત થયા છે. આ પહેલાં ૧૭ ડિસેમ્બરના રોજ વરુણ ધવને ઈન્સ્ટાગ્રામ સ્ટોપી પર એના પગમાં સોજો આવ્યો હતો એ તસવીર શેર કરી હતી જેમાં પગ લાલ જોવા મળ્યા હતા. આ તસવીરને શેર કરતા વરુણ ધવને આ વાતનો ખુલાસો કર્યો હતો કે લોખંડના સળિયા સાથે પગ ટકરાઇ ગયા પછી સોજો આવી ગયો છે. જયારે ઓગસ્ટમાં વરુણને 'વીડી ૧૮'નું શૂટિંગ શરૂ કર્યાના એક દિવસ પછી ઈજા થઇ હતી. આ તસવીર પણ વરુણ ધવને ઈન્સ્ટામાં પોસ્ટ કરી હતી. આ તસવીરના કેપ્શનમાં લખ્યુ હતુ કે કોઈ દુખાવો નહીં.. કોઈ ફાયદો નહીં.. 'વીડી ૧૮'. ઉલ્લેખનીય છે કે વરુણ ધવન આ વખતે તમિલ ફિલ્મમેકર ક્લીસ દ્વારા નિર્દેશિત ફિલ્મ 'વીડી ૧૮'ના શૂટિંગમાં વ્યસ્ત છે. ફિલ્મમાં વરુણની સાથે સુરેશ અને વામિકા ગબ્બી પણ જોવા મળશે. આ ફિલ્મ આગામી વર્ષ ૨૦૨૪માં રિલીઝ થશે. ફોટો શેર કરતા વરુણ ધવને લખ્યુ છે કે વીડી ૧૮ના શૂટિંગ દરમિયાન એક વાર ફરી આ થઈ ગયુ છે.

# સલમાન ખાને ૨૭મી ડિસેમ્બરે ૫૮મો જન્મદિવસ ઉજવ્યો





ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુપરસ્ટાર જેમણે કરિયરની શરૂઆત રેખા સાથે એક એવી ફિલ્મમાં કરી હતી જેમાં તેમના પાત્રને કોઈએ ધ્યાન પણ નહોતું લીધું. પહેલી હિટ ફિલ્મમાં પણ બધો જ શ્રેય હીરોઈનને જ ગયો. પરંતુ સમય બદલાયો અને તે ઝડપથી હિટ બની ગયો. આ અભિનેતાએ એકવાર તેના પિતાનો આખો પગાર બાળી નાખ્યો હતો. જાણો કોણ છે એ અભિનેતા? બાળપણથી જ તોફાન માટે જાણીતો એ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ સલમાન ખાન છે, જે આજે એટલે કે ૨૭મી ડિસેમ્બરે પોતાનો ૫૮મો જન્મદિવસ ઉજવી રહ્યો છે. તમે તેના કોમળ દિલના વખાણ તો ઘણા સાંભળ્યા હશે, પરંતુ શું તમે જાણો છો કે તેની તોફાનને કારણે તેણે એક વખત તેના પિતાનો પગાર બાળી નાખ્યો હતો. આ વાતનો ખુલાસો ખુદ સલમાને કર્યો હતો. પોતાના શાનદાર સ્વભાવ અને ફની નેચર માટે જાણીતા સુપરસ્ટાર સલમાન ખાનની દુનિયાભરમાં ફેન ફોલોઈંગ છે. ચાહકોને પણ ટીવી પર તેની અનોખી સ્ટાઈલ ગમે છે. પરંતુ તેના બાળપણની વાતો વિશે બહુ ઓછા લોકો જાણે છે.આજે તેના જન્મદિવસ પર અમે તમને તેના બાળપણ સાથે જોડાયેલી એક વાર્તા જણાવી રહ્યા છીએ જેનો ખુલાસો ખુદ સલમાને કર્યો હતો. ખુદ સલમાન ખાને પોતાના એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે તેણે બાળપણમાં તેના પિતાનો આખો પગાર બાળી નાખ્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે તે માત્ર ૬ વર્ષનો હતો અને તેને ખબર પણ ન હતી કે તે શું કરી રહ્યો છે. આના પરથી તમે અંદાજ પણ લગાવી શકો છો કે એક્ટર બાળપણમાં કેટલો તોફાની રહ્યો હશે. અભિનેતાએ પોતે જ તેના ખુલાસામાં ઉલ્લેખ કર્યો હતો.

## ક્રિકેટરનાં જવાબથી બિગ બી નિરાશ



# અમિતાભની ગૂગલીમાં ફસાઈ ગયો ક્રિકેટર ઇશાન કિશન

ક્રિકેટર ઈશાન કિશન અને સ્મૃતિ મંધાના 'KBC 15'ના લેટેસ્ટ એપિસોડમાં પહોંચ્યા હતા. અમિતાભ બચ્ચને એક પ્રશ્નમાં બંને પ્રખ્યાત ખેલાડીઓ મૂંઝાયા હતા, જે ૨૦૦૪માં રિલીઝ થયેલી 'લક્ષ્ય' સાથે સંબંધિત હતો. આ ફિલ્મ ૧૯૯૯ના કારગિલ યુદ્ધ પર આધારિત છે. આમાં અમિતાભ, રિતિક અને પ્રીતિ ઝિન્ટા મુખ્ય ભૂમિકામાં છે. અમિતાભે આમાં કર્નલ સુનીલ દામલેની ભૂમિકા ભજવી હતી જ્યારે હૃતિક કેપ્ટન કરણ શેરગીલની ભૂમિકામાં જોવા મળ્યો હતો. રિયાલિટી શોના ૯૬માં એપિસોડમાં, બિગ બીએ ભારતીય ક્રિકેટ સેન્સેશન ઈશાન કિશન અને સ્મૃતિ મંધાનાનું હોટ સીટ પર સ્વાગત કર્યું. બિગ બીએ તેમને ૨,૦૦૦ રૂપિયામાં પ્રશ્ન પૂછ્યો, 'આમાંથી કઈ ફિલ્મમાં રિતિક રોશને ભારતીય આર્મી ઓફિસરની ભૂમિકા ભજવી હતી?' વિકલ્પો હતાઃ લક્ષ્ય, જોધા અકબર, કોઈ મિલ ગયા અને કાબિલ. સાચો જવાબ હતો 'લક્ષ્ય'. સ્મૃતિએ કહ્યું, 'તે ફિલ્મમાં એક ગીત છે, 'કંધો સે મિલતે હૈં ખંધે', મને લાગે છે કે મેચ પહેલા ઉત્સાહિત થવા માટે હું તેને હજુ પણ સાંભળું છું.' બિગ બીએ તેમના ગીતોની પસંદગી વિશે પણ વાત કરી હતી. બિગ બીએ કહ્યું હતું કે, 'માફ કરશો, પણ મને તે રોમેન્ટિક ગીત વધુ ગમે છે. 'અગર મેં કહું'પ આ એક બહુ સરસ ગીત છે. રિતિક રોશનૈંસ્છ, દેહરાદૂન ખાતે તાલીમ લે છે. તે પછી તેમના બોસ, જે હાલ મને ખબર નથી કે અભિનેતા કોણ હતો, તે તેમને કહે છે કે ક્યાં જવું અને શું કરવું. ઈશાન આગળ કહે છે, 'હૃતિક રોશન પહેલા લક્ષ્યને લઈને ગંભીર ન હતો. આખરે તે પોતાની કરિયરને લઈને ગંભીર બની જાય છે, ત્યારબાદ તેણે પોતાના વાળ ટૂંકા કરી નાખ્યા. આઈએએનએસના અહેવાલ મુજબ, ૮૧ વર્ષીય બિગ બીએ કહ્યું, 'તમે સાચા છો, પરંતુ હું નિરાશ છું. મેં ગુગલી ફેંકી અને તમે બોલ્ડ થયા. સર, મેં પણ આમાં એક નાનકડો રોલ કર્યો છે. આ સાંભળીને ઈશાન ચોંકી ગયો અને હસ્યો.

## ૫૦૦ કરોડના ક્લબમાં પહોંચશે ફિલ્મ

# પ્રભાસની સાલર દુનિયાભરમાં છવાઈ ગઈ

## વીકએન્ડ પર સાલારનો કારોબાર સારો થયો છે, ૬ દિવસમાં ફિલ્મે વર્લ્ડવાઈડ ૪૯૦.૨૩ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે






। મુંબઈ, તા.૨૮ ।

પ્રભાસની સલાર બોક્સ ઓફિસની કમાણીનો આંકડો સતત તોડી રહી છે. ફિલ્મનો વર્લ્ડવાઈડ બિઝનેસ ૬ દિવસમાં ૪૫૦ કરોડ રૂપિયાને પાર કરી ગયો છે. હવે ટૂંક સમયમાં પ્રભાસનો આ એક્શન ડ્રામા ૫૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ શકે છે. રિપોર્ટ પ્રમાણે રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર કબ્જો કરનારી સલારે પાંચમા દિવસે ૨૪.૯૦ કરોડ રુપિયાનું કલેક્શન કરી લીધું છે. હવે છઠ્ઠા દિવેસ સાલારે ૧૭ કરોડ રુપિયાનો બિઝનેસ કર્યો છે. આ સાથે ભારતમાં ફિલ્મે અત્યારસુધી ૨૯૭.૪૦ કરોડ રુપિયાની કમાણી કરી ચૂકી છે. તમને જણાવી દઈએ કે, સાલારે પહેલા દિવસે ૯૦.૭ કરોડ રુપિયાની જબરદસ્ત કમાણીના આંકડા સાથે ખાતું ખોલ્યું છે, વર્લ્ડવાઈડ પણ ફિલ્મ સિનેમાઘરોમાં છવાઈ છે. વીકએન્ડ પર સાલારનો કારોબાર સારો થયો છે. ૬ દિવસમાં ફિલ્મે વર્લ્ડવાઈડ ૪૯૦.૨૩ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. હવે ટૂંક સમયમાં પ્રભાસનો આ એક્શન ડ્રામા ૫૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ શકે છે. ખાસ વાત એ છે કે શાહરૂખ ખાનની ફિલ્મ 'ડંકી' સાથે ટક્કર કરી રહેલી સલારને લોકો તરફથી સારા રિવ્યુ મળી રહ્યા છે. પાંચમા દિવસમાં જ્યાં સાલારે ૯૨ કરોડ રુપિયાથી ખાતું ખોલ્યું હતુ. તો ભારતમાં ફિલ્મનો ગ્રૉસ ક્લેક્શન ૩૩૦.૯૦ કરોડ રુપિયા થઈ ચૂક્યું છે. ૨૨ ડિસેમ્બરના રોજ સિનેમાઘરમાં આ ફિલ્મે કુલ મેળવી અનેક મોટી ફિલ્મોને ટક્કર આપી રહી છે. 'સાલર વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ કલેક્શન. બાહુબલી અને બાહુબલી ૨ પછી, પ્રભાસ તેની ત્રીજી ૫૦૦ કરોડની ક્લબ ફિલ્મ તરફ દોડી રહ્યી છે. પહેલા દિવસે ફિલ્મે વિશ્વભરમાં ૧૭૬.૫૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે ૧૦૧.૩૯ કરોડ અને ત્રીજા દિવસે ૯૫.૨૪ કરોડનું કલેક્શન થયું હતું. 'સાલાર'એ ચોથા દિવસે ૭૬.૯૧ કરોડની કમાણી કરી હતી અને પાંચમા દિવસે ૪૦.૧૭ કરોડનું કલેક્શન કર્યું હતું.

## જેનો અફસોસ તેમને કદાચ આજે પણ છે

# બોર્ડર ફિલ્મ અજય-અક્ષય અને સલમાને ઠુકરાવી હતી







। મુંબઈ, તા.૨૮ ।

બોલિવૂડમાં અવારનવાર એકથી એક ચડિયાતી ફિલ્મ રિલીઝ થાય છે, જેમાંથી કેટલીક બોક્સ ઓફિસ પર સફળ થાય છે અને કેટલીક સફળ થતી નથી. તે જ સમયે, કેટલીક ફિલ્મો એવી હતી જેને લોકો વર્ષો સુધી યાદ રાખે છે અને આવી જ એક ફિલ્મ હતી 'બોર્ડર'. ફિલ્મ ડાયરેક્ટર જેપી દત્તાની ફિલ્મ બોર્ડર આજે પણ લોકોમાં ખૂબ જ ફેમસ છે. આજે પણ, તમે આ ફિલ્મ જેટલી પણ વાર જોશો, તમને ક્યારેય કંટાળો નહીં આવે.

આ ફિલ્મે માત્ર એક નહીં પરંતુ અનેક કલાકારોનું કરિયર પાટે ચડાવ્યું હતું.'બોર્ડર' એક મલ્ટી સ્ટારર ફિલ્મ હતી, જે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ પર બેઝ્ડ હતી. આ ફિલ્મમાં સની દેઓલ મેજર કુલદીપ સિંહ ચાંદપુરી, જેકી શ્રોફ વિંગ કમાન્ડર આનંદ અને સુનિલ શેટ્ટી આસિસ્ટન્ટ કમાન્ડન્ટ કેપ્ટન ભૈરોન સિંહના રોલમાં જોવા મળ્યા હતા. ફિલ્મમાં સેકન્ડ લેફટનન્ટ ધરમવીર સિંહ ભાન તરીકે અક્ષય ખન્ના, સુબેદાર રતન સિંહ તરીકે પુનીત ઈસાર, નાયબ સુબેદાર મથુરા દાસ તરીકે સુદેશ બેરી અને કુક હવાલદાર ભાગીરામ તરીકે કુલભૂષણ ખરબંદા દર્શકો વચ્ચે છવાઈ ગયાં હતાં. પરંતુ, આ ફિલ્મમાં જેની સૌથી વધુ પ્રશંસા થઈ હતી તે અક્ષય ખન્ના હતો, જે ફિલ્મી દુનિયામાં હજું નવો આવ્યો હતો. આ તેની બીજી ફિલ્મ હતી. તેની પહેલી ફિલ્મ 'હિમાલય પુત્ર' બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ હતી.

તે જ સમયે, અક્ષય ખન્નાની બીજી ફિલ્મ 'બોર્ડર' બોક્સ ઓફિસ પર ઓલ ટાઈમ બ્લોકબસ્ટર સાબિત થઈ. આ ફિલ્મમાં અક્ષય ખન્ના દેશભરમાં ધરમવીર સિંહ ભાનના નામથી ફેમસ થયો હતો, કારણ કે ફિલ્મમાં તેનું કેરેક્ટર ખૂબ જ દમદાર હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ ફિલ્મમાં ધરમવીર સિંહ ભાનના રોલ માટે અક્ષય ખન્ના મેકર્સની પહેલી પસંદ નહોતો, પરંતુ મેકર્સ અને ડિરેક્ટર આ રોલ માટે કોઈ ફેમસ એક્ટરને કાસ્ટ કરવા માંગતા હતા. કહેવાય છે કે આ રોલ માટે જેપી દત્તા સૌથી પહેલા સલમાન ખાન પાસે ઓફર લઈને ગયા હતા. જ્યારે સલમાનને ધરમવીર સિંહ ભાનના રોલની ઓફર કરવામાં આવી હતી, ત્યારે તેણે પોતાને આ રોલ માટે યોગ્ય ન માનીને ઓફર ફગાવી દીધી હતી.

# ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની ચાલતી બસો દિવડા કોલોની સ્ટેન્ડ ઉપર થઈ સંચાલિત થતાં અનંદોલ્લાસ

। ભરતભાઈ પંડ્યા દિવડા કોલોની, તા.૨૮ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દિવડા વસાહતમાં જે ગુ.રા.વા.વે. નિ.દ્વારા ચાલતી બસોના મુસાફરોને જે તે આપેલ ટિકિટ મુજબના સ્ટેન્ડ ઉપર ના ઉતારતા તે પહેલાંજ ઉતારી દેવામાં આવતા હતા. આ અંગે સંતરામપુર ડેપો મેનજરને રજૂઆત કરતાં તેમજ પત્રકારશ્રી નો સંપર્ક કરી ચે. ના. ને.ગુ.માં આ અંગે જણાવેલ હતું આ બંને હકીકતો ને જોતા ડેપો મેનેજર શ્રી સંગાડા સાહેબે બસોના રૂટ દિવડા કોલોની વિસ્તારમાં થઈને સંચાલિત કરવા અંગેની સૂચના આપતા હવે બસો દિવડા કોલોની સ્ટેન્ડ ઉપર આવતાં પ્રજાજનોમાં આનંદ અને ઉલ્લાસ ની લાગણી ફેલાઈ છે. સહકાર, વિકાસ અને પ્રગતિ માટે સહભાગી શ્રી ભરતભાઈ, શ્રી હરીશભાઈ, શ્રી લાલાભાઈ, શ્રી રણજીતસિંહ, શ્રી યશભાઈ, શ્રી ગીરીશભાઈ, શ્રી આનંદભાઈ, શ્રી વિપુલભાઈ, શ્રી ધર્મેશભાઈ, શ્રી પ્રદીપભાઈ, શ્રી પ્રકાશભાઈ, શ્રી રણછોડભાઈ તેમજ કોલોની વિસ્તારમાં રહેતા સર્વે પ્રજાજનો ડેપો મેનેજર શ્રી સંગાડા સાહેબનો તેમજ ચેનલ ના ઈન નેટ વર્ક ગુજરાત નો ખુબ આભાર માને છે.

# અજમેર ડિવિઝન પર બ્લોકને કારણે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે

। અમદાવાદ, તા.૨૮ ।

ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝન પર મદાર-પાલનપુર સેક્શનના પિંડવારા-બનાસ સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૭૪૭ કિમી ૫૬૨ અપ લાઈન પર આરસીસી બ્લૉક લોન્ચિંગ માટે લેવામાં આવી રહેલા બ્લોકને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:

૧. ૨૯ અને ૩૦ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨૮ અને ૨૯ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ જોધપુરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર - સાબરમતી એક્સપ્રેસ રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, કમ્પોઝિશન, રૂટ અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# વિકસિત ભારત સંકલ્પ યાત્રા : ઈન્શા શાબીરની વાર્તા, સપનાને સાકાર કર્યા



। જમ્મુ-કાશ્મીર, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લાની સુંદર ખીણમાં એક એવી યુવતી રહે છે જે આઝાદી, લચીલાપણું અને પરિવર્તનનું પ્રતીક બની ગઈ છે. પુલવામાના આરીગામમાં એક સાધારણ પરિવારમાં જન્મેલી ઈન્શા શબીર આજે બિઝનેસની માલિક બની ગઈ છે અને પોતાના બુટિકનું સંચાલન કરે છે. તેઓ કેન્દ્ર સરકારની દીનદયાળ અંત્યોદય યોજના – રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશનના ઘણા લાભાર્થીઓમાં સામેલ છે, જે ઈન્શા જેવી ઘણી છોકરીઓ અને મહિલાઓને ઉડાન ભરવા માટે પાંખો આપી રહી છે.

હાલમાં ચાલી રહેલી વિકાસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં ઈન્શાએ જણાવ્યું હતું કે તેણે આ વિશે પહેલી વાર સાંભળ્યું હતું દીનદયાળ અંત્યોદય યોજના - રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન ૨૦૧૭માં અને તરત જ તેના માટે નોંધણી કરાવી. આ યોજના ગ્રામીણ વિકાસ મંત્રાલયે ૨૦૧૧માં શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ ગ્રામીણ ગરીબો માટે કાર્યદક્ષ અને અસરકારક સંસ્થાગત પ્લેટફોર્મ ઊભું કરવાનો છે, જે તેમને ટકાઉ આજીવિકા વૃદ્ધિ અને નાણાકીય સેવાઓની સુલભતા મારફતે ઘરની આવક વધારવા સક્ષમ બનાવશે.

ઈન્શાએ પોતાની વાત શેર કરતા ખુલાસો કર્યો કે તે બાળપણથી જ કપડાં ડિઝાઈન કરવામાં અને બનાવવામાં રસ ધરાવે છે. પરંતુ તેના જીવનમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે તેણે ડીએવાય-એનઆરએલએમ હેઠળની સ્થાનિક ટેલરિંગ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. તેણીની પ્રતિભા અને રુચિ વ્યવસાયિક તક અને આજીવિકા કમાવવાની રીતમાં પરિવર્તિત થઈ. ઈન્સ્ટિટ્યૂટમાં ડિઝાઈનનો કોર્સ પૂરો કર્યા બાદ ઈન્શાને ખ્યાલ આવ્યો કે તે પોતાનું બુટિક સેટ કરવા માગે છે. તેને એક PMEGP ઉમ્મીદ લોન અને આ પ્રયાસમાં પણ ડીએવાય-એનઆરએલએમએ તેને નાણાકીય સહાય પૂરી પાડીને મદદ કરી હતી. છેવટે તે પોતાનું બુટિક સેટ કરી શકી. કેટલીકવાર, મર્યાદિત સંસાધનો અને ઓછી તકો સાથે, સ્વપ્નો ઘણીવાર રાતના આકાશમાં દૂરના તારાઓ જેવા લાગે છે. પરંતુ ઈન્શા માટે, ડે-એનઆરએલએમએ તેને પોતાનું સ્વપ્ન જીવવા માટે સક્ષમ બનાવ્યું. ઈન્શાએ શેર કર્યું હતું કે જો તેને આ યોજના હેઠળ સબસિડીવાળી લોન ન મળી હોત, તો તે પોતાનો વ્યવસાય શરૂ કરી શકી ન હોત. ઈન્શાએ સરકારની બિઝનેસ યોજનાઓને બિરદાવી હતી, જે યુવાનોને મદદ કરી રહી છે અને એક નવા, વિકસિત ભારતનું નિર્માણ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે માત્ર ધનિક લોકો જ સફળ નથી થઈ રહ્યા, પરંતુ ગરીબ પૃષ્ઠભૂમિ અને ગામડાંની વ્યક્તિઓ પણ સફળ વ્યવસાય શરૂ કરી રહી છે. તેણીએ ઉમેર્યું હતું કે, તેણીને આર્થિક રીતે સ્વતંત્ર થવાની મંજૂરી આપતી યોજનાઓ સાથે આવવા બદલ તે સરકારની આભારી છે. આજે ઈન્શા માત્ર પોતાની નાણાકીય વ્યવસ્થા જ નથી કરતી, પરંતુ પોતાના બુટિકમાં અન્ય મહિલાઓને પણ રોજગારી પૂરી પાડે છેનાનું હોવા છતાં, બુટીક વિકાસ અને આત્મનિર્ભરતા માટે સમાનાર્થી બની ગયું છે.

# ૧૨ દિવસથી સંજેલી વિસ્તારમા ભટકતા માજીનુ પરિવાર મિલન કરાવતા સામાજિક આગેવાન અજીતદેવ પારગી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૮ ।



આજરોજ તા.૨૭/૧૨/૨૦૨૩ સંજેલી વિસ્તારના ગામોમાં ભુલા પડી આમ તેમ ભટકી રહેલા એક માજી ચમારિયા ગામમાં આવી ચડ્યા હતાં, માનસિક રીતે અસ્વસ્થ દેખાતા માજીને લોકો પાગલ સમજી બેઠાં હતાં ત્યારે છેલ્લા બાર દિવસથી આમ તેમ ભટકી રહેલા માજી પાગલ તો નથી એવું લાગતા ચમારિયા ગામના રાજુભાઈ સેલોતે ગામના જ સેવાભાવી યુવાન શ્રી મુકેશભાઈ બારિયાને વાત કરતા બંને મિત્રોએ માજીની સેવાભાવથી પુછપરછ કરતા દાહોદ વિસ્તારના જણાયા હતાં તેઓએ તરત જ જનજાતી સામાજીક આગેવાન અજીતદેવ પારગીને વાત કરી હતી.

માજીને નાસ્તો પાણી કરાવ્યા બાદ વધુ પુછપરછ કરી હતી જેમા એમના છોકરાનું નામ ધ્યાનમા આવ્યું હતું, અને તરજ જ અજીતદેવ પારગી અને મિત્રોની સેવાભાવી ટીમ કામે લાગતા એક કલાક મા જ માજીના પરિવારની માહિતી મેળવેલ. અને ફક્ત ચાર કલાક જેટલા ટુંકા ગાળામાં પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. ૧૨-૧૨ દિવસથી પરિવારથી વિખુટા પડી ગયેલા માજીની પરિવાર મિલનની આ સેવામા ચમારિયા ગામના શ્રી મુકેશભાઈ બારિયા, શ્રી રાજુભાઈ સેલોત, દાહોદના શ્રી અનિલભાઈ ભુરિયા,શ્રી નરેશભાઈ માવીનો સહયોગ રહ્યો. પરિવારજનો સાથે માજીને પોતાના ગામના એક નાગરિક તરિકે ત્વરિત ગાડી લઈને માજીને લેવા પોતે પણ સમય કાઢી આવ્યા એવા ચોસાલાના સરપંચ શ્રીનો પણ સહયોગ રહ્યો.

# ખંભાત તાલુકાના બામણવા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઇ



। આણંદ, તા.૨૮ ।

વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશ્યથી સતત ચાલી રહેલ વિ-કસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આણંદના ખંભાત તાલુકામાં આવેલ બામણવા ગામ ખાતે પહોંચ્યો હતો. જે અંતર્ગત જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીની ઉપસ્થિતિમાં બામણવા ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને દરેક જરૂરીયાતમંદ વ્યક્તિને તેનો લાભ પહોંચાડવાનો છે તેમ જણાવ્યું હતું. તેમણે વધુમાં વિ-કસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામે ગામ ફરી રહ્યો છે અને લોકો સુધી સરકારની યોજનાકીય માહિતી અને લાભ પહોંચાડી રહ્યો છે. વિવિધ મીડીયાના માધ્યમો થકી પણ લોકો સુધી માહિતી પહોંચી રહી છે. આ યાત્રાનો મુખ્ય હેતુ સરકારની યોજનાઓનું ૧૦૦ ટકા અમલીકરણ થાય, દરેક પાત્રતા ધરાવતી વ્યક્તિ સુધી સરકારી યોજનાઓનું લાભ પહોંચાડવાનો છે તેમ વધુમાં ઉમેર્યું હતું. મહાનુભાવોના હસ્તે વિવિધ રમતોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ- બાળકોને પ્રમાણપત્ર, તેમજ વિવિધ સરકારી યોજનાઓ હેઠળ ગ્રામજનોને લાભ-સહાય આપવામાં આવ્યાં હતાં. ગામની મહિલાઓને પોષણયુક્ત ટી. એચ.આર. પેકેટ તથા ગામના ટી.બી.ના દર્દીને પોષણ કીટ આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભમાં વિકસિત ભારત માટેનો સંકલ્પ વિડીયો, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેકોર્ડેડ વિડિયો સંદેશ રજૂ કરવામાં આવ્યો હતો. શાળાની વિદ્યાથી-નીઓ સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત ધરતી કહે પુકાર કે કૃતિ રજૂ કરવામાં આવી હતી. ગ્રામજનોને અનેકવિધ યોજનાઓના લાભ સરળતાથી મળી રહે તે હેતુથી કાર્યક્રમ સ્થળે વિવિધ વિભાગોના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતાં જેની કલેક્ટરશ્રી અને અન્ય મહાનુભાવો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી, પ્રાંત અધિકારીશ્રી નિરૂપા ગઢવી, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ સહિત અન્ય સંબંધીત વિભાગના અધિકારી-કર્મચારીશ્રી, અગ્રણી સર્વશ્રી સંજય પટેલ, મયુર રાવલ અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયાં હતાં.

# કલેકટર શ્રી કે. એલ. બચાણીની અધ્યક્ષતામાં જિલ્લા લોક ફરિયાદ નિવારણ- જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

। નડિયાદ, તા.૨૮ ।



ખેડા જિલ્લા કલેકટર શ્રી કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને તા.૨૮/૧૨/૨૦૨૩ના રોજ જિલ્લા કલેકટર કચેરી, નડિયાદ ખાતે (જિલ્લા લોક ફરિયાદ નિવારણ) જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં કુલ ૧૧ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી કે. એલ. બચાણીએ ઉપસ્થિત તમામ અરજદારોના પ્રશ્નો અને સંબધિત અધિકારી દ્વારા આ પ્રશ્નોના અનુસંધાને કરવામાં આવેલી કામગીરીની રજૂઆત સાંભળી હતી અને સરકારના સર્વિસ લેવલ અગ્રીમેન્ટ (SLA) મુજબ નિશ્ચિત સમયગાળામાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા લોક ફરિયાદ નિવારણ કાર્યક્રમની આ બેઠકમાં માધ્યમિક શાળાનું મકાન બનાવવા, ગટરલાઈન-પેવર બ્લોક, ગટરની ગંદકી દુર કરવા, નર્સિંગ સ્કુલના બાંધકામ બાબતે, પીએમઆવાસ યોજના હપ્તા મેળવવા, જમીન સર્વે, ક્ષતિ સુધારણા હુકમ બાબતે, સાસરી પક્ષ તરફથી ત્રાસ અંગે, મુખ્યમંત્રી સડક યોજના, હેઝાકલીન બાયોમેડીકલ વેસ્ટ યુનીટ અને ગેરકાયદેસર દબાણ દુર કરવા સહુતના કુલ ૧૧ પ્રશ્નોની રજૂઆત સાંભળી જરૂરી કાર્યવાહી કરવા સંબધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શન આપ વામાં આવ્યું હતું. ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીએ વર્તમાન પરિસ્થિતિને અનુસંધાને જાહેર રોડ-રસ્તા અને સંભવિત કોવિડ સમસ્યા માટે સતર્ક રહેવા સંબધિત વિભાગોને સુચનાઓ આપી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શિવાની ગોયલ અગ્રવાલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રાજેશ ગઢિયા, નિવાસી અધિક કલેકટરશ્રી ભરત જોશી, સહિત સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# માંડવીના સોમીબહેન માટે આયુષ્માન ભારત યોજના અને ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના આર્શીવાદરૂપ સાબિત થઇ

## ‘આયુષ્માન ભારત’ યોજના થકી ૫૬ વર્ષીય સોમીબહેનનું નિઃશુલ્ક પગના થાપાનો ગોળો બદલવાનું ઓપરેશન કરાયું

। અમરેલી, તા.૨૮ ।



ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોની આરોગ્ય સુખાકારી માટે રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા ‘આયુષ્માન ભારત’ આરોગ્યલક્ષી યોજના અમલી છે, જેમાં ગંભીર બીમારી, ઓપરેશન માટે સો ટકા નિઃશુલ્ક સારવાર સુવિધા ઉપલબ્ધ છે. આ યોજના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે. નિરાધાર ગંગાસ્વરૂપા મહિલાઓ માટે આધારરૂપ બનેલી ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ મેળવી અનેક માતાઓ-બહેનો શાંતિપૂર્વક જીવન નિર્વાહ કરી રહી છે. માંડવી તાલુકાના ઝાબ ગામના પટેલ ફળિયા ખાતે રહેતા ૫૨ વર્ષીય ગંગાસ્વરૂપા સોમીબહેન પ્રદિપભાઈ ગામીતે ‘આયુષ્માન ભારત’ યોજનાનો લાભ મેળવ્યો, સાથોસાથ ગંગાસ્વરૂપા યોજનામાં પણ માસિક પેન્શન મેળવીને સુખમય જીવન વિતાવી રહ્યા છે.

રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતાં સોમીબહેન ગામીતે જણાવ્યું હતું કે, લગ્ન થતા પરિવાર સાથે હસતા રમતા સુખી જીવન પસાર કરી રહ્યા હતા.પરંતુ વર્ષ ૧૯૯૯માં મારા પતિને કેન્સરની બિમારી લાગુ પડી. ઘણી સારવાર કરવા છતાં સ્વસ્થ ન થયાં અને તેમનું દુઃખદ અવસાન થયું. ઘરનો આધાર છીનવાઈ જતાં મારા પરિવારની આર્થિક સ્થિતિ કફોડી બની ગઈ.મારે એક દિકરો હતો.જેના ભરણપોષણની તમામ જવાબદારી આવી પડી જેથી ઘરકામ અને ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતી હતી. આવા સમયમાં ગુજરાન ચલાવવા રાજ્ય સરકારની ગંગાસ્વરૂપા યોજના જ મારા માટે આધારસ્તભં બની છે, દર મહીને રૂ.૧૨૫૦ની સહાય મળે છે, જેથી હું મારી જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓ લાવી શકું છું, આજે આ યોજનામાં મળતાં પેન્શનના સહારે જ હું સ્વમાનભેર જીવન જીવી રહી છું.

‘આયુષ્માન ભારત’ યોજના થકી આ ગંગાસ્વરૂપા બહેનના પગના થાપાનો ગોળો બદલવાનું ઓપેરશન થયું છે. આ અંગે સોમીબેન ગામીત જણાવે છે કે,ધણા સમયથી પગના થાપાના ભાગે દુઃખાવો થતો જેને ધ્યાન ન આપતા દુઃખાવો ધીરે ધીરે વધવા લાગ્યો હતો.અસહ્ય દુખાવો ઉપડતાં નજીકની હોસ્પિટલમાંથી સારવાર કરાવી પરંતુ કોઈ ફરક ન જણાતા સુરતની કિરણ હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા.જ્યાં તપાસ કરતાં તબીબે પગના થાપાનો ગોળો ખરાબ થઈ ગયો હોવાથી ગોળો બદલવા માટે ઓપરેશન કરવાની સલાહ આપી હતી. ઓપરેશનનો મોટો ખર્ચ થશે તો આટલા રૂપિયા ક્યાંથી લાવીશ એની ચિંતા સતાવતી હતી, ત્યારે આવા મુશ્કેલ સમયમાં મારી વ્હારે આયુષ્માન કાર્ડ આવ્યું. હોસ્પિટલમાં આ યોજનાના કાઉન્ટર પર આરોગ્યમિત્રને મળ્યાં અને કાર્ડ બતાવ્યું તો તેમણે કહ્યું કે, મારા પગના થાપાના ગોળા બદલવાનું ઓપરેશન ‘મા’ યોજના હેઠળ વિનામૂલ્યે થઈ જશે.

# નર્મદા જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુના અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

। નર્મદા, તા.૨૮ ।

નર્મદા જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નુના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવાસદનના સભાખંડ ખાતે જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં જિલ્લાના નાગરિકો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને વાચા આપીને તેનો ત્વરિત નિકાલ, નિકાલની પ્રક્રિયા તેમજ માર્ગદર્શન પુરુ પાડતા શ્રી પન્નુએ સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓને કેટલાંક નીતિ વિષયક બાબતોના પ્રશ્નોમાં આગળની કાર્યવાહી કરી જરૂરી પૂર્તતા કરવા અને નાગરિકોના પ્રશ્નનો હકારાત્મક નિકાલ કરવા સૂચનો સાથે માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

સ્વાગત કાર્યક્રમમાં જિલ્લા પ્રાયોજના વહિવટદાર શ્રી હનુલ ચૌધરી, નિવાસી અધિક કલેક્ટર શ્રી સી.કે. ઉંધાડ સહિત સંબંધિત વિભાગના જિલ્લા-તાલુકાના અધિકારીશ્રીઓ અને અરજદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે અન્યથા આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે દરેકેદરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને થકવી નાખશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો-કોઈક વિવાદાસ્પદ મુદ્દા હોય તો-તેનો ઉકેલ સલાહસંપથી લાવવો રહ્યો. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ભૂતકાળના સાહસમાં સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારી મોંઘેરી ભેટ-સોગાદો પણ ખુશીભરી ક્ષણો પાછી નહીં લાવી શકે, કેમ કે તમારા પ્રેમી કે પ્રેમિકા તેને કાઠી નાખશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. આજે તમે પ્રેમની પીડા અનુભવશો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે. પણ તમારો મિજાજ ગુમાવતા નહીં કારણ કે આ બાબત બળતામાં ઘી ઉમેરશે. તમે સહકાર ન આપો તો કોઈ તમારી સાથે ઝઘડી જ શકે નહીં. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે. અણધાર્યો રૉમેન્ટિક ઝુકાવ. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્ર તરફથી પ્રસંશાના ખાસ શબ્દો તમારી ખુશીનું સબબ બનશે. આવું થવાનું કારણ એ કે તમે તમારા જીવનને વૃક્ષ જેવું બનાવ્યું છે-જે અન્યોને છાંયડો આપે છે અને પોતે તડકામાં ઊભા રહી સૂરજનો તાપ સહે છે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

### અમેરિકી વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને જાહેરાત કરી

## યુએસ યુક્રેનને ૨૫૦ મિલિયન ડોલરના હથિયાર આપશે

। વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકી વિદેશમંત્રી એન્ટોની બ્લિંકને જાહેરાત કરી હતી કે અમેરિકા યુક્રેનને રશિયા સામેના યુદ્ધમાં મદદ કરવા માટે ચાલુ વર્ષે સહાયના છેલ્લાં પેકેજ તરીકે યુક્રેનને ૨૫૦ મિલિયન ડૉલરના હથિયારો અને અન્ય ઉપકરણો પૂરાં પાડશે. અમેરિકી પ્રમુખ જો બાયડેને કોંગ્રેસને યુક્રેનને ૬૧ બિલિયન ડૉલરની સહાય પૂરી પાડવા કહ્યું છે, પરંતુ રિપબ્લિકન અમેરિકા-મેક્સિકો સરહદ પર સુરક્ષા કડક કરવા ડેમોક્રેટ્સ સાથે કરાર કર્યા વિના સહાયને મંજૂરી આપવાનો ઈનકાર કરી રહ્યા છે. રશિયાના આક્રમણ પછી કોંગ્રેસે યુક્રેન માટે ૧૧૦ બિલિયન ડૉલરથી વધુની રકમ મંજૂર કરી છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૩માં રિપબ્લિકન્સે ડેમોક્રેટ્સ પાસેથી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સનો કબજો છીનવ્યો ત્યારથી કોઈ ફંડ મંજૂર થયું નથી.

### મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે ચુકાદો આપ્યો

## તિરુનેલવેલીમાં મંદિરની ૧૧ એકર જમીન ખાલી કરવા ખ્રિસ્તી સંસ્થાને આદેશ

### મદ્રાસ હાઈકોર્ટે મંદિરની જમીનમાંથી ખાલી કરાવવાની નોટિસ સામે અમલી કોન્વેન્ટની અરજી ફગાવી દીધી



। ચેન્નાઈ, તા.૨૮ ।

૫મી ડિસેમ્બરના રોજ, મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે અમાલી ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ અને અમાલી કોન્વેન્ટના મધર સુપિરિયર દ્વારા દાખલ કરાયેલી ત્રણ રિટ અરજીઓને ફગાવી દીધી હતી. તેના આદેશમાં, કોર્ટે તિરુનેલવેલી જિલ્લાના અરુલમિગુ પાપનાસસ્વામી મંદિર હેઠળ આવતા પિલ્લયન અર્થસામ કટ્ટલાઈની મિલકત પર અમાલી કોન્વેન્ટે ગેરકાયદેસર રીતે કબજો જમાવ્યો હતો, એમ કહીને ખાલી કરાવવાના આદેશને સમર્થન આપ્યું હતું. અદાલતે મંદિરની જમીન પર ગેરકાયદેસર અતિક્રમણને ન્યાયી ઠેરવવા માટે બાળકોનો ઉપયોગ "સ્મોક સ્ક્રીન" તરીકે કરવા બદલ અરજદારની પણ ટીકા કરી હતી.

કોર્ટના ચુકાદા મુજબ, અમાલી કોન્વેન્ટે હિંદુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ વિભાગ દ્વારા ૨૦૧૩માં તમિલ ના તિરુનેલવેલી જિલ્લા હેઠળના અંબાસમુદ્રમ તાલુકાના પાપનાસમમાં પિલ્લયન અર્થસામ કટ્ટલાઈની મૂળ માલિકીની ૧૧ એકર જમીન માટે ૨૦૧૩માં આપવામાં આવેલી ખાલી કરાવવાની નોટિસને પડકારી હતી. કોર્ટે પુષ્ટિ કરી કે જોઈન્ટ કમિશનરને હિંદુ ધાર્મિક અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ એક્ટ હેઠળ અતિક્રમણ અને ખાલી કરાવવાના મુદ્દાઓ પર અધિકારક્ષેત્ર છે. આ મામલો કુલ ૧૧ એકર જમીનના ચાર ટુકડાની આસપાસ ફરતો હતો. કોર્ટના રેકોર્ડ મુજબ, અરજદાર અમલી કોન્વેન્ટ પાસે મૂળ મંદિરની ૪૪ એકર જમીન હતી જે તેણે લીઝ પર લીધી હતી. અરજદાર અને મંદિર સત્તાવાળાઓ વચ્ચે વિવાદ થયો હતો, જેના પગલે મંદિર સત્તાવાળાઓએ જમીન પરત મેળવવા અરજી કરી હતી. અંબાસમુદ્રમ ખાતે જિલ્લા મુન્સિફ કોર્ટે પ્રારંભિક અરજી ફગાવી દીધી હતી. ૧૯૮૫માં ટેંકરી ખાતેની સબ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી.

### ટેક્નોલોજીનો વધુ પડતો ઉપયોગ ઘાતક સાબિત થાય છે

## ટેસ્લાની ટેક્સાસની ફેક્ટરીમાં રોબોટે એક એન્જિનિયર પર હુમલો કર્યો

### એન્જિનિયર રોબોટનું પ્રોગ્રામિંગ કરી રહ્યો હતો ત્યારે ત્રીજો રોબોટ ભૂલથી એક્ટિવ થતા એન્જિનિયર પર હુમલો કર્યો

। ટેક્સાસ, તા.૨૮ ।

દુનિયા વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ આગળ વધી રહી છે. આજે એઆઈએટલ કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો જમાનો છે. તેના કારણે લોકોના ઘણા બધા કામ સરળ થઈ ગયા છે. મોટાભાગની કંપનીઓમાં મનુષ્યની જગ્યાએ રોબોટ કામ કરવા લગ્યા છે. આ રોબોટ ખામીરહિત અને ઝડપી કામ કરે છે. પરંતુ ક્યારે ટેકનિકલ ખામીના કારણે તે જીવલેણ સાબિત થાય છે. જેના અનેક ઉદાહરણ સામે આવી ચુક્યા છે. ત્યારે દુનિયાના સૌથી ધનવાન માણસ ઈલોન મસ્કની કાર નિર્માતા કંપની ટેસ્લાની અમેરિકાના ટેક્સાસમાં સ્થિત ફેક્ટરીમાં રોબોટે એક એન્જિનિયર પર હુમલો કર્યાની ઘટના સામે આવી છે.



અહેવાલ અનુસાર, આ ઘટના ૨૦૨૧ની હોવાનું કહેવાય છે. જ્યારે એન્જિનિયર રોબોટનું પ્રોગ્રામિંગ કરી રહ્યો હતો. તેમણે બે રોબોટ ડિસેબલ કર્યા, પરંતુ ત્રીજો રોબોટ ભૂલથી એક્ટિવ થઈ ગયો અને તેણે એન્જિનિયર પર હુમલો કર્યો હતો અને તેના ડાબા હાથ પર ઈજા થઈ હતી. જોકે તે બહુ ગંભીર હોવાનું જણાવાયું ન હતું. જો કે, આ મામલે ઈલોન મસ્કની પ્રતિક્રિયા સામે આવી છે. 'ઠ' પર પોસ્ટ કરતાં, મસ્કે કહ્યું, 'તે અત્યંત શરમજનક છે કે, તેને મીડિયા આ ઘટનાને બતાવી રહી. જે ઉદ્યોગમાં કુકા રોબોટ આર્મ (બધા ફેક્ટરીમાં ઉપલબ્ધ છે)નો ઉપયોગ બે વર્ષ પહેલાં થયો હતો.'

ટેક્સાસમાં આવેલી ટેસ્લાની ફેક્ટરીમાં શ્રમિકોનું પ્રતિનિધિત્વ કરતા વકીલે મોટો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો છે કે, શ્રમિકો સાથે વાતચીતમાં જાણવા મળ્યું છે કે, ફેક્ટરીમાં ઘાયલોની સંખ્યા ઓછી બતાવવામાં આવે છે. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૧માં એક શ્રમિકનું મૃત્યુ પણ થયું હતું. ટ્રેવિસ કાઉન્ટીના તબીબી પરીક્ષકના અહેવાલ મુજબ મૃત્યુ પામનાર શ્રમિકનું નામ એન્ટેલમો રામીરેઝ છે, જેનું હીટ સ્ટ્રોકથી મૃત્યુ થયું હતું.

ગયા વર્ષે વર્કર્સ ડિફેન્સ પ્રોજેક્ટે ગીગા ટેક્સાસના શ્રમિકો તરફથી યુએસ ઓક્યુપેશનલ સેફ્ટી એન્ડ હેલ્થ એડમિનિસ્ટ્રેશન (ઓઓશએચએ)ને ફરિયાદ નોંધાવી હતી. તેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ટેસ્લાના કોન્ટ્રાક્ટરો અને પેટા કોન્ટ્રાક્ટરોએ કેટલાક કર્મચારીઓને ખોટા સલામતી પ્રમાણપત્રો આપ્યા હતા. એલેકઝાંડરે જણાવ્યું કે, શ્રમિકોએ જ્યારે પણ તાલીમની જરૂર હોય ત્યારે પીડીએફ અથવા તસવીરો મોકલવામાં આવી છે.

## ...તો ભાજપને ૪૦૦થી વધુ બેઠક મળશે : સામ પિત્રોડા

। નવી દિલ્હી, તા.૨૮ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માં હાલ ૪ મહિનાનો સમય બાકી છે અને ભાજપે તૈયારીઓ ઝડપી બનાવી છે. જ્યારે કોંગ્રેસ તૈયારીની જગ્યાએ અત્યારથી ઈવીએમ પર સવાલો ઊઠાવા લાગી છે. પાર્ટી નેતા સામ પિત્રોડાએ ગુરુવારે કહ્યું કે જો ઈવીએમની ખામીઓને દૂર કરવામાં નહીં આવે તો ભાજપ ૪૦૦થી વધુ સીટ જીતી જશે. તેમણે કહ્યું કે આ ચૂંટણી ભારતનું ભાગ્ય નક્કી કરશે. ચૂંટણી પંચ સતત એવા આરોપોને ફગાવી દે છે તેમ છતાં વિપક્ષના નેતા અનેકવાર ઈવીએમ પર સવાલો ઊઠાવતાં રહે છે. કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળોના નેતા પણ એવી માગ કરે છે કે ઈવીએમથી આવનારા ૧૦૦ ટકા વોટમાં વીવીપેટની વ્યવસ્થા કરવામાં આવે. આટલું જ નહીં વીવીપેટની આ રિસીપ્ટને બોક્સમાં ન રાખવામાં અને એની જગ્યાએ મતદારોને આપવામાં આવે. તેમણે કહ્યું કે મેં રામમંદિર અંગે જે વાત કહી હતી તેને પણ મારી મચડીને રજૂ કરવામાં આવી. હું એમ કહેવા માગતો હતો કે ધર્મ અંગત મામલો છે અને તેને રાજનીતિ સાથે જોડવામાં ન આવે. મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો હતો કે તેમણે કહ્યું હતું કે મને દુઃખ થાય છે કે આખા દેશમાં રામમંદિરને લઈને ચર્ચા થઈ રહી છે. તેમણે રાહુલ ગાંધીની મણિપુરથી મુંબઈ સુધીની ભારત ન્યાય યાત્રા અંગે કહ્યું કે આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આપણે નક્કી કરવું પડશે કે આપણે આપણા દેશનું ઘડતર કઈ રીતે કરવું છે. ૨૦૨૪ની ચૂંટણી ભારતનું ભવિષ્ય નક્કી કરશે.

### પશ્ચિમ આફ્રિકાના લાઇબેરિયામાં એક મોટી દુર્ઘટના

## લાઈબેરિયામાં ટ્રક સાથે ટકરાયા બાદ ટેન્કરમાં આગથી ૪૦નાં મોત

### ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેઓને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

। મોનરોવિયા, તા.૨૮ ।

પશ્ચિમ આફ્રિકાના લાઈબેરિયામાં એક મોટી દુર્ઘટના બની છે જેમાં ટ્રક સાથે અથડાયા બાદ એક ઓઈલ ટેક્રરમાં પ્રચંડ વિસ્ફોટ થતા ૪૦ લોકોના મોત થયા છે જ્યારે અનેક લોકો ઘાયલ થતા તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પશ્ચિમ આફ્રિકાના લાઈબેરિયાના લોઅર બોંગ કાઉન્ટીના ટોટોટામાં ગઈકાલ મોડી રાત્રે એક ઓઈલ ટેક્રર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત થયો હતો. ટ્રક સાથે અથડાયા બાદ તરત જ ઓઈલ ટેક્રરમાં વિસ્ફોટ થતા ૪૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થતા તેઓને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક મીડિયાના અહેવાલ અનુસાર મૃત્યુઆંક વધવાની આશંકા છે.



યુએનના આંકડાઓ અનુસાર ખરાબ રસ્તાઓ અને નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરે આફ્રિકાને દુર્ઘટના માટે વિશ્વનું સૌથી ભયંકર ક્ષેત્ર બનાવી દીધું છે ત્યારે લાઈબેરિયામાં રોડ અકસ્માતો એ મુખ્ય ચિંતાનો વિષય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નવા ડેટા અનુસાર લાઈબેરિયામાં રોડ અકસ્માતમાં ૧,૯૨૦ મૃત્યુ થયા હતા, જે કુલ મૃત્યુના ૫.૭૦ ટકા છે. અહીં રોડ અકસ્માતમાં મૃત્યુ દર વિવિધ ઉંમર દીઠ ૫૫.૮ છે. આ જ કારણ છે કે લાઈબેરિયા રોડ અકસ્માતને કારણે થતા મૃત્યુમાં વિશ્વમાં ચોથા ક્રમે છે. અહીં રોડ અકસ્માતોના ઘણા કારણો છે, જેમાં ટ્રાફિક નિયમો અને માળખાકીય સુવિધાઓનો અભાવ, બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગ, નશામાં ડ્રાઈવિંગ, ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવું વગેરેનો સમાવેશ થાય છે.

## ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરનો હત્યારો કેનેડામાં

। નવી દિલ્હી, તા.૨૮ ।

ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને મોટો ખુલાસો થયો છે. નિજ્જરને ગોળી મારીને હત્યા કરનાર આરોપી કેનેડામાં છે. કેનેડાના 'ધ ગ્લોબ એન્ડ મેલ'એ તેના અહેવાલમાં જણાવ્યું છે કે ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યા કરનાર બે લોકોએ કેનેડા છોડ્યું નથી. અધિકારીઓ દ્વારા તેની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવી શકે છે. હકીકતમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિસ ટ્રૂડોએ સપ્ટેમ્બરમાં નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેણે કહ્યું હતું કે નિજ્જરની હત્યા ભારતીય એજન્ટો દ્વારા કરવામાં આવી હતી, જેને ભારતે સંપૂર્ણપણે નકારી કાઢી હતી. ભારતે કહ્યું કે ટ્રૂડોનું નિવેદન રાજકીય રીતે પ્રેરિત હતું. આ વર્ષે ૧૮ જૂને બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં ગુરુદ્વારા બહાર અજાણ્યા હુમલાખોરોએ હરદીપ સિંહ નિજ્જરની ગોળી મારીને હત્યા કરી દીધી હતી. ગ્લોબ એન્ડ મેલે ત્રણ અનામી સ્ત્રોતોને ટાંકીને જણાવ્યું હતું કે નિજ્જરની હત્યા પછી, શંકાસ્પદ હત્યારાઓ ક્યારેય કેનેડા છોડીને ગયા ન હતા.

**વિશેષ** "સૌનો સાથ સૌનો વિકાસ" મંત્રને ચરિતાર્થ કરવા સરકાર જાતે જ આજે નાના માણસની ગેરંટર બની છે : સાંસદ પૂનમબેન

# સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને પી.એમ.સ્વનિધિ યોજના હેઠળના શેરી ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

### છૂટક વ્યવસાય કરતાં શેરી ફેરિયાઓને સાંસદશ્રી, ધારાસભ્યશ્રી, મેયરશ્રી સહિતના મહાનુભાવો દ્વારા સન્માનિત કરાયાં





શહેરના ધન્વંતરિ ઓડિટોરિયમ ખાતે સાંસદ શ્રી પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને પી.એમ.સ્વનિધિ યોજના હેઠળના શહેરી શેરી ફેરિયાઓ તથા તેમના પરિવારજનોના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન જામનગર મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું.જેમાં પી.એમ.સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માનિત કરી પ્રોત્સાહિત કરાયા હતા.

આ પ્રસંગે સાંસદ શ્રી પૂનમબેન માડમે જણાવ્યું હતું કે કોઈપણ યોજના સાચા અર્થમાં ત્યારે જ સાર્થક થાય છે જ્યારે સાચા વ્યક્તિને તેનો લાભ મળે છે. તેથી જ સમાજના દરેક વર્ગના લોકોને સીધો ફાયદો કરે એ પ્રકારની અનેક યોજનાઓ વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ અમલમાં મુકવામાં આવી છે.ભૂતકાળમાં લોન તો દુરની વાત પરંતુ લોકો બેંકમાં જવાનું પણ વિચારી ન શકતા ત્યારે આજે નાનામાં નાના માણસને પણ નરેન્દ્રભાઈ મોદીના સુદીર્ઘ આયોજનને કારણે સરળ રીતે લોન સાહિતના લાભો મેળવવા સરળ અને સુગમ બન્યા છે. સરકાર પોતે જ આજે નાના માણસની ગેરંટર બની છે અને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તમામ વર્ગને અનેકવિધ લાભો પહોંચાડી "સૌનો સાથ સૌનો વિકાસ" મંત્રને ચરિતાર્થ કરી રહી છે.

ધારાસભ્ય શ્રી રિવાબા જાડેજાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે સરકાર ગરીબોની સેવા, શ્રમિકોનું સન્માન અને વંચીતોને માન આપવાના મંત્ર સાથે આગળ વધી રહી છે.અને તેથી જ છેવાડાના માનવીને આવરી લેતી અનેક યોજનાઓ સરકારે અમલમાં મૂકી છે.સામાન્ય માનવીના ઉત્થાન થકી ૨૦૪૭ સુધીમાં દેશને વિકસિત દેશ બનાવવા સુધીની સફર પૂર્ણ કરવાની નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિ છે. આ પ્રસંગે પી.એમ.સ્વનિધિ યોજનાના લાભાર્થીઓએ ઉત્સાહભેર પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે કોરોનાના કપરા સમયમાં અમારા ધંધા બંધ થયા હતા.ત્યારે આ યોજનાના માધ્યમથી અમને સરળ રીતે લોન ઉપલબ્ધ થતા અમે ફરી પગભર બની શક્યા અને અમારા ધંધા રોજગાર ફરી આગળ વધી શક્યા.જેનાથી અમારા પરિવારને ખૂબ જ રાહત મળી અને અનેક પ્રકારની હાડમારીમાંથી અમે બચી શક્યા. કાર્યક્રમ અંતર્ગત વિવિધ બેંકના પ્રતિનિધિશ્રીઓ તથા યોજનાના લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરાયાં હતા.તેમજ ઉપસ્થિત સૌ કોઈએ વડાપ્રધાનશ્રીનો વીડિયો સંદેશો નિહાળ્યો હતો.મેયર શ્રી વિનોદભાઈ ખીમસૂર્યાએ સૌ મહાનુભાવોને સ્વાગત પ્રવચન વડે આવકાર્યા હતા જ્યારે કાર્યક્રમની આભારવિધિ આસિસ્ટન્ટ કમિશનર શ્રી કોમલબેને કરી હતી. આ પ્રસંગે મેયર શ્રી વિનોદભાઈ ખીમસૂર્યા, ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી તથા શ્રી રિવાબા જાડેજા, ડેપ્યુટી મેયર શ્રી ક્રિષ્નાબેન સોઢા, શાશક પક્ષના નેતા શ્રી આશિષભાઈ જોશી, દંડક શ્રી કેતનભાઈ નાખવા, શહેરી ગરીબ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી ગીતાબા જાડેજા, મ્યુનિસિપલ કમિશનર શ્રી ડી.એન.મોદી, નાયબ કમિશનર શ્રી ગોહિલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી વિમલભાઈ કગથરા, કોર્પોરેટરશ્રીઓ તથા બહોળી સંખ્યામાં શેરી ફેરિયાઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ન્યૂઝ બ્રિફ

### વિસાવદરમાં ધોળા દિવસે વિદ્યાર્થિનીનું અપહરણ થયું

। વિસાવદર, તા.૨૮ ।

રાજ્યમાં દિન પ્રતિદિન ક્રાઈમના કિસ્સાઓ વધતા હોય તેમ અવાર નવાર બનાવો ધ્યાને આવી રહ્યાં છે. ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો બેફામ બની રહ્યાં છે. પોલીસની કડક કાર્યવાહી છતા લૂંટ, અપહરણ જેવા અનેક બનાવોના આંકડા વધી રહ્યાં છે. જે માનવ જાત માટે શર્મસાર છે. જૂનાગઢના વિસાવદરમાં અપહરણકારો બેફામ બન્યા હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. વિસાવદરમાં ધોળા દિવસે ફિલ્મી ઢબે વિદ્યાર્થિનીનું અપહરણ કરાયું છે. અત્રે જણાવીએ કે, શાળાએ જતી વિદ્યાર્થિનીને બળજબરી પૂર્વક કારમાં નાંખી અપહરણકારોએ અપહરણ કર્યું છે. બે શખ્સોએ કારમાં બળજબરીથી વિદ્યાર્થિનીને ઉપાડી નાંખી હતી જે બાદ તેઓ કાર લઈને ફરાર થઈ ગયા હતા.વિગતો મુજબ જય મયુર સુખાનંદી નામના આરોપીએ અપહરણ કર્યું છે સમગ્ર અપહરણની ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. પોલીસે અલગ અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં લગ્ન પ્રસંગમાં ભોજન લેનાર ૩૦૦ લોકોની તબિયત લથડી

। અંકલેશ્વર, તા.૨૮ ।

અંકલેશ્વરમાં લગ્ન પ્રસંગ બાદ આમંત્રિતોની તબિયત લથડવાનો મામલો સામે .અંકલેશ્વરમાં રહેતા બલરામ અગ્રવાલના પુત્ર વિવેકના લગ્નનું રીસેપ્શન શનિવારના રોજ પરમભૂમિ પાર્ટીપ્લોટ ખાતે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં ભોજન બાદ ૩૦૦ લોકોની તબિયત લથડી હોવાના અહેવાલ સાંપડી રહ્યા છે. ઘટનાની જાણ થતા ખોરાક અને ઔષધ નિયમન વિભાગે તપાસ શરૂ કરી છે. યજમાન પરિવારના જણાવ્યા અનુસાર ભરૂચના મા ચામુંડા કેટરર્સને ૩૦૦ થી વધારે વ્યકતિઓના ભોજન માટેનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો.લગ્ન સમારંભમાં ભરુચ, અંકલેશ્વર, મુંબઈ, વલસાડ, વાપી, અમદાવાદ સહિતના શહેરોમાંથી મહેમાનો હાજરી આપવા પધાર્યા હતાં. ભોજન બાદ આમંત્રિતોને પેટમાં દુખાવા , ઊલટી અને તાવની સમસ્યા અનુભવી હતી. ત્રણ દિવસમાં ૩૦૦ થી વધારે મહેમાનોને ખોરાકી ઝેરની અસર થઇ હોવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.



છારોડી એસજીવીપીમાં ૧૦૮ કુંડી મહા વિષ્ણુ યજ્ઞનું આયોજન કરાયું હતું.

**અયોધ્યામાં જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે**

### મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભગૃહમાં માત્ર ૫ લોકોને પ્રવેશ

#### ગર્ભગૃહમાં પીએમ મોદી, મોહન ભાગવત, યોગી, આનંદીબેન પટેલ અને મુખ્ય આચાર્ય હાજર રહેશે

। અયોધ્યા, તા.૨૮ ।

અયોધ્યામાં બની રહેલા પ્રભુ શ્રીરામના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમની તારીખ હથે થોડા દિવસ દૂર છે. તેવામાં પ્રાણ પ્રતિષ્ઠાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રો પ્રમાણે આ કાર્યક્રમ દરમિયાન ગર્ભગૃહમાં માત્ર ૫ લોકો હાજર રહેશે. સમાચાર પ્રમાણે પ્રતિષ્ઠા સમયે ગર્ભગૃહનો પડદો પણ બંધ રહેશે. નોંધનીય છે કે આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી મુખ્ય અતિથિ હશે. આવો જાણીએ પીએમ સિવાય કોણ પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ દરમિયાન રામ મંદિરના ગર્ભગૃહમાં હાજર રહેશે. અત્યાર સુધી મળેલી જાણકારી પ્રમાણે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ દરમિયાન રામ મંદિરના ગર્ભગૃહમાં પીએમ મોદી, આરએસએસ પ્રમુખ મોહન ભાગવત, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્ય આચાર્ય હાજર રહેશે. નોંધનીય છે કે અયોધ્યામાં બની રહેલા રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ સાથે પ્રાણ પ્રતિષ્ઠામાં થનારી કેટલીક મહત્વની વિધિઓને લઈને પણ અપડેટ સામે આવ્યું છે. સૌથી પહેલા ભગવાન રામને અરિસો દેખાડવામાં આવશે અને રામલલા પોતાનો ચહેરો જોશે. ત્યારબાદ દલપૂજા માટે આચાર્યોની ૩ ટીમો બનાવવામાં આવી છે. પ્રથમ દળનું નેતૃત્વ સ્વામી ગોવિંદ દેવ ગિરિ કરશે. બીજા દળનું નેતૃત્વ શંકરાચાર્ય વિજયેન્દ્ર સરસ્વતી કરશે જે કાંચી કામકોટિ પીઠના શંકરાચાર્ય છે. તો ત્રીજી ટીમમાં કાશીના ૨૧ વિદ્વાનો રાખવામાં આવ્યા છે. ૨૨ જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યા રામ મંદિરમાં થનાર પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં પીએમ મોદી મુખ્ય અતિથિના રૂપમાં સામેલ થશે. પીએમ મોદી સિવાય અન્ય લોકોને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સિવાય આશરે ચાર હજાર સંતોને આમંત્રિત કરવામાં આવ્યા છે. બધા શંકરાચાર્ય, મહામંડલેશ્વર, શીખ અને બૌદ્ધ પંથના સર્વોચ્ચ સંતોને આમંત્રણ આપવામાં આવ્યું છે. સ્વામી નારાયણ, આર્ટ ઓફ લિવિંગ, ગાયત્રી પરિવાર, કિસાન, કલા જગતના પ્રમુખ લોકોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

**ST નિગમના ફિક્સ-પેના કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ**

### ST નિગમના ફિક્સ-પેનાં કર્મચારીઓનાં પગારમાં ૩૦ ટકાના વધારાની જાહેરાત કરાઇ

#### નાણા વિભાગ દ્વારા મંજૂરી મળી જતાં ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં વધારો થશે

। ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના ફિક્સ પગારના કર્મચારીઓ માટે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જી્ નિગમના ફિક્સ-પેનાં કર્મચારીઓનાં પગારમાં ૩૦ ટકાનો વધારો કરવાની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. આજે રાજ્ય સરકારના નાણાં વિભાગે આ મોટા નિર્ણયને મંજૂરી આપી દીધી છે. નાણા વિભાગ દ્વારા મંજૂરી મળી જતાં ફિક્સ પેના કર્મચારીઓના પગારમાં વધારો થશે.અગાઉ નવેમ્બર મહિનામાં એસ. ટી.વિભાગનાં વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી વચ્ચે બેઠક યોજાઈ હતી જે બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ જી્ કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, "તાજેતરમાં જ રાજ્યના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો.

**ફાઇલ મંજૂર કરાવવા તેમણે મજૂર પાસેથી રૂપિયા ૧૭ હજારની લાંચ માગી**

### ઝાલોદ તાલુકા પંચાયતના AWO અધિકારી લાંચ લેતા ઝડપાયા

#### આ અંગે મહીસાગર ACBને જાણ થતાં બળવંત લબાની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે

। ઝાલોદ, તા.૨૮ ।

મહાત્મા ગાંધી રોજગારી યોજનામાં જમીન સમતલ કરવાના વર્કકોડમાં ફાઇલ મંજૂર કરાવવા રૂપિયા ૨૦ હજારની લાંચ માગી હતી. તેમણે મજૂરની ફાઇલ દીઠ રૂપિયા ૫ હજારની માગ કરી હતી. જો કે, રકઝકના અંતે રૂપિયા ૧૭ હજારમાં ડીલ ફાઈનલ કરી હતી, પરંતુ ACBને બાતમી મળતા, સ્થળ પર પહોંચીને રંગેહાથ છટું્ને ઝડપી લીધા હતા. દાહોદની ઝાલોદ તાલુકા પંચાયતના AWO બળવંત લબાના લાંચ લેતા ઝડપાયા છે. ફાઇલ મંજૂર કરાવવા તેમણે મજૂર પાસેથી રૂપિયા ૧૭ હજારની લાંચ માગી હતી. આ અંગે મહીસાગર ACBને જાણ થતાં બળવંત લબાની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.ઉલ્લેખનીય છે કે, બળવંત લબાનાએ મહાત્મા ગાંધી રોજગારી યોજનામાં જમીન સમતલ કરવાના વર્કકોડમાં ફાઇલ મંજૂર કરાવવા રૂપિયા ૨૦ હજારની લાંચ માગી હતી. તેમણે મજૂરની ફાઇલ દીઠ રૂપિયા ૫ હજારની માગ કરી હતી.

**અવારનવાર નાની મોટી ચોરીની ઘટનાઓ સામે આવી રહી છે**

### અસલાલીમાંથી ચોરી થયેલો સિગરેટનો જથ્થો પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી પાડ્યો

। અમદાવાદ, તા.૨૮ ।

પોલીસે મનોજ ચુનારા અને છોટુભાઈ પવાર નામના બે સિગરેટ ચોરની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ બંને ચોરો અગાઉ અમદાવાદના વટવા, નારોલ, સરખેજમાં ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે, તો બીજી તરફ અસલાલીમાં પણ અનેક વખત ચોરીઓને અંજામ આપી ચૂક્યા છે. અમદાવાદ ગ્રામ્યના અસલાલીમાં આવેલા અમન વેરહાઉસમાં આઈટીસી લિમિટેડના ગોડાઉનમાંથી ૧૨ કાર્ટુન સિગરેટની ચોરી થઈ હતી. અસલાલી પોલીસે ગણતરીની કલાકોમાં આ ચોરીનો ભેદ ઉકેલી બે આરોપીની ધરપકડ કરી છે.

### પારડીમાં આવેલા નાના વાઘછીપા ગામે દારૂની મહેફિલ ઝડપાઇ

। પારડી, તા.૨૮ ।

વલસાડના પારડીમાં આવેલા નાના વાઘછીપા ગામે દારૂની મહેફિલ ઝડપાઈ છે.ગામના જ પૂર્વ સરપંચે દારૂની મહેફિલનું આયોજન કર્યું હતું. પોલીસે દરોડા પાડીને પૂર્વ સરપંચ સહિત ૫ લોકોની ધરપકડ કરી છે. થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે દારૂ પાર્ટી રોકવા માટે પોલીસનો પહેરો ગોઠવાયો છે.રાજ્યમાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ કડક કાર્યવાહી હાથ ધરી છે.ત્યારે વલસાડના પારડીમાં આવેલા નાના વાઘછીપા ગામે દારૂની મહેફિલ ઝડપાઈ છે.

**નોકરી પર ગયા બાદ પરત ઘરે ન ફર્યા**

### અમદાવાદમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલનો મૃતદેહ કેનાલમાંથી મળ્યો

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદની G ડિવિઝન સરદારનગરમાં પોલીસ ચોકીમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ નરેશ વાઘેલાનો મૃતદેહ મહેસાણાના કડી નજીક મણીપુર પાસે કેનાલની પાસેથી મળતા ચકચાર મચી ગઇ છે. પોલીસ કર્મી ગાંધીનગરના પાલજ ગામના વતની હતા, હાલ તે નરોડાના મિલન પાર્કમાં રહેતા હતા અને જી ડિવિઝનમાં ફરજ બજાવતા હતા. મૃતક વાઘેલા નરેશ ડાહ્યાભાઈ ૪૯ વર્ષ ઉંમરનો હોવાનું જાણવા મળ્યું છે. તે વર્ષ ૨૦૦૧માં પોલીસમાં ભરતી થયા હતા. ગત ૨૫ ડિસેમ્બરે કાર લઈને નોકરી જવા નીકળ્યા હતા પરત નહિ ફરતા ડભોડા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાઈ હતી.







### સિહોરની રૂદ્રા ગ્લોબલ ઈન્ફ્રા. નામની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો

। સિહોર, તા.૨૮ ।

ભાવનગરમાં સિહોરની રૂદ્રા ગ્લોબલ ઈન્ફ્રા.નામની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે. બ્લાસ્ટના કારણે ૨ શ્રમિકનું મોત નિપજ્યું છે. તો ૪ શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે.મળતી માહિતી અનુસાર લોખંડ ઓગાળતા સમયે બ્લાસ્ટ થયો હતો. રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ભાવનગરમાં સિહોરની રૂદ્રા ગ્લોબલ ઈન્ફ્રા.નામની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હોવાની ઘટના સામે આવી છે. બ્લાસ્ટના કારણે ૨ શ્રમિકનું મોત નિપજ્યું છે. તો ૪ શ્રમિક ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે.મળતી માહિતી અનુસાર લોખંડ ઓગાળતા સમયે બ્લાસ્ટ થયો હતો.જેમાં ચાર કર્મચારી દાઝી જતા સારવાર માટે ભાવનગર હોસ્પિટલ ખસેડાયા છે. તો બીજી તરફ જામનગરની જીજી હોસ્પિટલમાં આગ લાગવાની ઘટના બની હતી.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨